RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છાઓ


Date:- 04-09-2026 I VOL : 12 I Issue : 170 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક



Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3



ગુજરાતમાંદલિત-આદિવાસીઓ પર અત્યાચાર ચરમસીમાએ: ભાજપ સરકારની નિષ્ફળતા...

4



સત્તાના અહંકાર સામે યુવાશક્તિનો વિજય: અભિજીત દીપકે...

6



ઇમરાન હાશમી સાથેના કિસિંગ સીન્સ પર તનુશ્રી દત્તાએ કર્યો ખુલાસો

7



રોહિત શર્મા નિવૃત્તિ લેવા માની ગયો હતો, એક મેસેજથી ગુસ્સે થયો હતો

## એક નજર...

### અભિનેત્રી સોનમ બાજવાએ નવા ફોટોશૂટમાં ફ્લોન્ટ કર્યું કર્વી ફિગર



સોનમ બાજવાએ તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર કેટલીક લેટેસ્ટ તસવીરો શેર કરી છે, જે ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહી છે. આ લેટેસ્ટ ફોટોશૂટમાં સોનમ હરિયાળી વચ્ચે અત્યંત હોટ અને ગ્લેમરસ લુકમાં જોવા મળી રહી છે. અભિનેત્રીએ આ અનોખા ફોટોશૂટમાં કેમેરાની સામે પોતાનું પરફેક્ટ અને ટોન ફિગર ફ્લોન્ટ કર્યું છે.

## NEWS TRACK

### 26 દિવસ સમુદ્રમાં ભટકતી રહી બોટ: સ્પેન પાસે 80 પ્રવાસીઓના મોતની આશંકાથી દુનિયા સ્તબ્ધ!

સ્પેનના કેનેરી ટાપુઓ નજીક શરણાર્થીઓથી ભરેલી એક બોટ ગંભીર અકસ્માતનો ભોગ બની છે. એટલાન્ટિક મહાસાગરમાં મળેલી આ બોટ દુર્ઘટનામાં એક બાળક સહિત આશરે 80 જેટલા લોકોના મોત થયા હોવાની આશંકા છે. સ્પેનિશ મેરીટાઈમ રેસ્ક્યુ સર્વિસ(સાલ્વામેન્ટો મેરિટિમો)ના જણાવ્યા અનુસાર, આ બોટ ગ્રેન કેનેરિયા ટાપુથી લગભગ 120 કિલોમીટર દક્ષિણમાં મળી આવી હતી અને તે આશરે 26 દિવસથી દરિયામાં રસ્તો ભટકી ગઈ હતી. બોટમાં 128 લોકો સવાર હતા આ બોટમાં શરૂઆતમાં કુલ 128 મુસાફરો સવાર હતા, જેઓ ગેમ્બિયાથી કેનેરી ટાપુઓ તરફ જવા નીકળ્યા હતા. જોકે જ્યારે બચાવ ટુકડી ત્યાં પહોંચી ત્યારે માત્ર 45 લોકો જ જીવતા મળ્યા હતા અને 5 મૃતદેહ બોટ પર હતા. દરિયામાં અત્યંત ખરાબ હવામાન હોવાના કારણે બચાવ ટીમે તે મૃતદેહોને બોટ પર જ છોડી દેવા પડ્યા હતા. બચી ગયેલા લોકોને તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડાયા. આ હોનારતમાં જીવતા બચી ગયેલા તમામ લોકોને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

### હું ભગવાનનું કામ કરું છું, પ્રલય આવે તોય વાંધો નથી: અમેરિકાના ઉપપ્રમુખ જે ડી વેન્સનું ચોંકાવનારું નિવેદન

નેપાળે તાજેતરમાં અચાનક આવેલા પૂરથી થયેલી તબાહી માટે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન કરતા દેશો પાસેથી ક્લાઈમેટ ચેન્જ સંબંધિત વળતર મેળવવા માટે રાજદ્વારી પ્રયાસો શરૂ કર્યા છે. નેપાળનું કહેવું છે કે આપત્તિ પછી આપવામાં આવતી સહાયને નૈતિક જવાબદારી ગણવી જોઈએ, દાન નહીં. વિદેશ મંત્રી શિશિર ખનાલે જણાવ્યું હતું કે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં લગભગ નહિવત હિસ્સો હોવા છતાં, નેપાળ ગ્લોબલ વોર્મિંગના ગંભીર પરિણામો ભોગવી રહ્યું છે, જેમાં ઝડપથી પીગળતા ગ્લેશિયર્સ અને પહાડોમાં સર્જાતી ભયંકર આપત્તિઓનો પણ સમાવેશ થાય છે. એક સ્થાનિક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં વિદેશ મંત્રીએ કહ્યું હતું કે, 'અમે એવી વૈશ્વિક કટોકટીની ભારે કિંમત ચૂકવી રહ્યા છીએ જે અમે પોતે ઊભી કરી નથી. ગ્લેશિયર્સનું ઝડપથી પીગળવું અને પહાડોમાં આવતી આ વિનાશક આફતો વૈશ્વિક ક્લાઈમેટ ચેન્જનું સીધું પરિણામ છે.' કાઠમંડુ પોસ્ટ અખબારમાં તેમના ઈન્ટરવ્યુનો કેટલાક અંશ પ્રકાશિત થયા હતા.

# દેશમાં સરકારી સંસ્થાઓ સામે ભ્રષ્ટાચારની 70,500થી વધુ ફરિયાદ

## સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના વાર્ષિક અહેવાલમાં મોટો ખુલાસો, વર્ષ દરમિયાન 64,905 ફરિયાદોનો નિકાલ કરાયો

નવીદિલ્હી

સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)ના વાર્ષિક અહેવાલ મુજબ 2025માં સરકારી સંસ્થાઓ સામે 70,500થી વધુ ભ્રષ્ટાચારની ફરિયાદો મળી હતી, જેમાં બેંકો અને રેલવેની સૌથી વધુ ફરિયાદો મળી હોવાનો ચોંકાવનારી માહિતી મળી હતી. રિપોર્ટમાં જણાવાયું છે કે મુખ્ય વિજિલન્સ અધિકારીઓ, અથવા સીવીઓને વર્ષ દરમિયાન 70,584 ફરિયાદ મળી હતી અને ૩૧



ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં તેમાંથી ૬૪,૯૦૫ ફરિયાદનો નિકાલ કરવામાં આવ્યો હતો.

તેમાં ઉમેર્યું હતું કે, 'બાકીની 5,679 ફરિયાદો 2025ના અંતમાં પ્રક્રિયા હેઠળ હતી, જેમાં 2002 ત્રણ મહિનાથી વધુ સમયથી ચાલી રહી છે.' સીવીઓ કમિશનના વિસ્તૃત હાથ તરીકે કાર્ય કરે છે અને ત્રણ મહિનાની અંદર તપાસ પૂર્ણ કરે તેવી અપેક્ષા છે. અહેવાલમાં જણાવાયું છે કે કમિશન સમયાંતરે સીવીઓ પાસે પડતર ફરિયાદોની સમીક્ષા કરે છે જેથી તેનો ઝડપથી નિકાલ થાય. બેંકોમાં સૌથી વધુ 9,933 ફરિયાદો હતી. આમાંથી 9,520નો નિકાલ કરવામાં આવ્યો હતો અને 413 પેન્ડિંગ હતી, જેમાં બાવન ત્રણ મહિનાથી વધુ સમયથી હતી. 31 ડિસેમ્બર, 2025 સુધીમાં રેલવેને 9,381 ફરિયાદ મળી હતી, જેમાંથી 8,754નો નિકાલ કરવામાં આવ્યો હતો અને 627 પેન્ડિંગ હતી, જેમાં 10 ત્રણ મહિનાથી વધુ સમયથી હતી. કુલ 6,531 ફરિયાદ હાઉસિંગ અને શહેરી બાબતો સંબંધિત હતી, જ્યારે 4,843 ફરિયાદ રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી સરકાર સિવાય સ્થાનિક સંસ્થાઓ વિરુદ્ધ હતી.

# સરકારી શાળાઓમાં મંજૂરી વિના પ્રવેશ પર પ્રતિબંધ: સુપ્રીમ કોર્ટે 'સ્કૂલ ઠીક કરો' અભિયાનની અરજી ફગાવી

નવી દિલ્હી

સ્કૂલ ઠીક કરો અભિયાન વચ્ચે સુપ્રીમ કોર્ટે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ સરકારની સરકારી શાળાઓમાં બહારના લોકો, પત્રકારો, યૂટ્યૂબર્સ, સોશિયલ મીડિયા યૂઝર્સ અને સિવિલ સોસાયટી પ્રતિનિધિઓના પ્રવેશ પર પ્રતિબંધને પડકારતી અરજી પર સુનાવણીનો ઈનકાર કર્યો હતો. કોર્ટે બંધારણની કલમ 32 અંતર્ગત અરજી સ્વીકાર કરવાની ના પાડી હતી.

ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન રાજ્યમાં શિક્ષણ વિભાગ દ્વારા સરકારી સ્કૂલમાં બહારના લોકો, પત્રકારો, યુટ્યુબર્સ, સોશિયલ મીડિયા વપરાશકર્તા અને અન્ય પ્રતિનિધિઓના પ્રવેશ અને સ્કૂલમાં ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી, ઈન્ટરવ્યૂ, ઓડિયો રેકોર્ડિંગ અને લાઈવસ્ટ્રિમિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પ્રતિબંધના આદેશને પડકારનારી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી છે.

કોંક્રોચ જનતા પાર્ટી સમર્થિત 'સ્કૂલ ઠીક કરો' અભિયાન દરમિયાન સામે આવેલા વીડિયો અને લખનઊની એક શાળામાં યૂટ્યૂબર્સ દ્વારા પરવાનગી વગર ઘૂસીને શિક્ષિકાઓ પર દબાણ લાવવા જેવી ઘટનાઓ પછી વધ્યો હતો. આ અભિયાન કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિજીત દીપકે દ્વારા ચલાવવામાં આવ્યું હતું.

# CJP કોઈ પાર્ટીની 'B ટીમ' નથી: અમે વિદ્યાર્થીઓની A ટીમ: દીપકે

નવી દિલ્હી

કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સ્થાપક અભિજીત દીપકેએ પોતાની પાર્ટીને કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીની 'B ટીમ' ગણાવવાના આરોપોને ફગાવી દીધા હતા. દીપકેએ કહ્યું- મહારાષ્ટ્રના મુખ્યમંત્રી કહે છે કે હું કોંગ્રેસની B ટીમ છું અને કેટલાક લોકો કહે છે કે હું આમ આદમી પાર્ટી (AAP) ની B ટીમ છું. મને લાગે છે કે આ બધા લોકોએ સાથે

### નેતાઓની ડિગ્રી પર પણ સવાલ ઉઠાવ્યા

બેસીને નક્કી કરવું જોઈએ કે હું કોની B ટીમ છું. જ્યારે, અમારા મતે અમે વિદ્યાર્થીઓની A ટીમ છીએ. દીપકેએ કહ્યું કે સાર્વજનિક પદો પર બેઠેલા લોકોની શૈક્ષણિક યોગ્યતાની જાણકારી જનતા સમક્ષ હોવી જોઈએ. જાહેર જીવનમાં કોઈપણ વ્યક્તિની ડિગ્રી પર સવાલ ઉઠાવી શકાય છે અને તે વ્યક્તિની જવાબદારી છે કે તે પોતાની ડિગ્રી અને શૈક્ષણિક પ્રમાણ જનતા સમક્ષ રજૂ કરે. તેમણે કહ્યું- મને લાગે છે કે શાળાઓને સુધારવાની આ ઝુંબેશ કોઈ એક સંગઠનનો મુદ્દો નથી, પરંતુ બાળકો અને સમગ્ર દેશના ભવિષ્યનો મુદ્દો છે. જે કોઈ માને છે કે શાળાઓમાં સુધારો થવો જોઈએ.

# મણિપુરમાં ફરી હિંસા : 24 કલાકમાં 35 મકાનો સળગાવાયા, ગોળીબાર

ઈમ્ફાલ

મણિપુરમાં ફરી હિંસાની ઘટનાઓ સામે આવવા લાગી છે. મહિનાઓ સુધી અશાંત રહેલા મણિપુરના કાંગપોકપી જિલ્લામાં બુધવારે આશરે 25 જેટલા ઘરોને આગ લગાવી દેવાઈ હતી. જ્યારે મંગળવારે પણ આશરે 10 જેટલા મકાનોને આગને હવાલે કરી દેવાયા હતા. એટલે કે મણિપુરમાં 24 કલાકમાં 35 જેટલા મકાનો સળગાવાયા છે. જેને પગલે તંત્ર ફરી એલર્ટ થઈ ગયું છે. મંગળવારે ઈમ્ફાલ-તામેંગલોન્ગ રોડની આસપાસ 10 જેટલા મકાનો સળગાવાયા હતા જેના બીજા દિવસે આ જ વિસ્તારમાં વધુ 25 મકાનોને આગને હવાલે કર દેવાયા હતા. જેમાં પાંચ મકાન નેપાળી સમુદાયના હોવાના અહેવાલો છે. આગજનીની આ ઘટના દરમિયાન એક ગ્રામીણ નાગરિકને ગોળી વાગતા ઘાયલ અવસ્થામાં હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે.

### અંક બંધ

તારીખ 04 સપ્ટેમ્બરે જન્માષ્ટમી પર્વ નિમિત્તે પાક્કો ગુજરાત કાર્યાલય રજા પાળશે. જેથી 05 સપ્ટેમ્બરનો અંક પ્રસિદ્ધ થશે નહી. તા. 06 સપ્ટેમ્બરથી રાબેતામુજબ અંક પ્રસિદ્ધ થશે. જેની સૌ વાચક મિત્રો તેમજ વિજ્ઞાપનદાતાઓએ નોંધ લેવી.

- તંત્રી

# જન્માષ્ટમીના પાવન પર્વે 'પાક્કો ગુજરાત' નો નવ-પ્રભાત: હવે દરેક પાના પર જીવંત થશે સત્યના અસલી રંગો

આબુ પર્વત (માઉન્ટ આબુ):

સત્ય, ભક્તિ અને મર્યાદાના પ્રતિક ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ એટલે કે જન્માષ્ટમીના અત્યંત પાવન અને અલૌકિક અવસરે 'પાક્કો ગુજરાત' સમાચાર પત્ર સમૂહ પોતાના પ્રિય વાચકો સમક્ષ એક નવો સ્વર્ણિમ ઈતિહાસ રચવા જઈ રહ્યો છે. આપ સૌ નિષ્ઠાવાન વાચકોના અખૂટ વિશ્વાસ, અસીમ સ્નેહ અને નિરંતર મળી રહેલા સહયોગના બળે આજથી 'પાક્કો ગુજરાત' ની નવી, ભવ્ય અને પૂર્ણતઃ કલર (રંગીન) આવૃત્તિ પોતાની એક ઐતિહાસિક યાત્રાનો શ્રીગણેશ કરી રહી છે.

વીરો, ત્યાગી પુરુષો અને મહાન સંતોની આ પવિત્ર માટી રાજસ્થાનની ધરા પર આજથી પાક્કો ગુજરાત પોતાના નિર્ભય, નિષ્પક્ષ અને સત્યનિષ્ઠ પત્રકારત્વનો મહા-આગાઝ કરી રહ્યું છે. મા અર્બુદા (અંબે) ના પૌરાણિક તેમજ પાવન ધામ આબુ પર્વત પરથી તેમના દિવ્ય આશીર્વાદ લઈને, પાક્કો ગુજરાત ની આ નવી અલખ હવે આખા ક્ષેત્રમાં જન-જનનો સૌથી સશક્ત અને બુલંદ અવાજ બનવા માટે પૂર્ણપણે સંકલ્પબદ્ધ છે.

### પ્રિન્ટ મીડિયામાં ક્રાંતિકારી કદમ: નિષ્પક્ષ પત્રકારત્વનો નવો અધ્યાય

વર્તમાન સમયમાં જ્યાં પ્રિન્ટ મીડિયા સમક્ષ વિશ્વસનીયતા, વ્યાવસાયિકતા અને સામાજિક સરોકાર જાળવી રાખવાના ગંભીર પડકારો ઊભા છે, એવા સમયમાં ગ્રુપ એડિટર શ્રી પવન માકનજીએ મા ભગવતીના અસીમ આશીર્વાદથી પ્રિન્ટ મીડિયા જગતમાં આ અત્યંત સાહસિક અને ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું છે.

### પાક્કો ગુજરાત નો ઉદ્દેશ્ય માત્ર દૈનિક સમાચાર પહોંચાડવા પૂરતો નથી, પરંતુ:

સત્યની શોધ: કોઈ પણ દબાણ કે પ્રભાવ વગર સત્યને પૂર્ણ પારદર્શિતા અને સ્પષ્ટતા સાથે જનતા સમક્ષ રાખવું.

જન-અવાજનું માધ્યમ: સમાજના છેવાડાના માનવી, શોષિતો અને પીડિતોની સમસ્યાઓને શાસન-પ્રશાસનના ગલિયારા સુધી પહોંચાડવી.

નિર્ભય રિપોર્ટિંગ: કોઈ પણ પક્ષપાત કે પૂર્વાગ્રહ વગર માત્ર જનહિતને સર્વોપરી રાખીને પત્રકારત્વના ધર્મનું પાલન કરવું.

### દરેક વર્ગના અધિકારોનો પ્રહરી, દરેક નાગરિકનો સાચો સાથી

પાક્કો ગુજરાત માત્ર કાગળ પર છપાયેલા અક્ષરોનો સમૂહ નથી, પરંતુ સમાજના દરેક વર્ગના અધિકારોનું એક પ્રહરી છે.

ખેડૂતોનો ટેકો: પોતાની સખત મહેનત અને લોહી-પસીનાથી આખા દેશનું પેટ ભરનારા અન્નદાતા ખેડૂતોના હક, તેમની સમસ્યાઓ અને તેમની માંગણીઓને પ્રાથમિકતાથી ઉઠાવવી.

યુવાનોનો બુલંદ અવાજ: દેશ અને રાજ્યનું ભવિષ્ય ઘડનારા યુવાનોના સપના, તેમની રોજગારી, તેમનું શિક્ષણ અને તેમના સંઘર્ષોને મુખ્યધારામાં લાવીને તેમને સાચી દિશા અને યોગ્ય મંચ પૂરો પાડવો.




સામાજિક સમરસતા: સમાજના પ્રત્યેક વર્ગ, જ્ઞાતિ અને સમુદાયના હિતોનું રક્ષણ કરીને એક સશક્ત અને જાગૃત સમાજનું નિર્માણ કરવું.

### કૃતજ્ઞતા, આભાર અને અમારો અખંડ સંકલ્પ

આ ઐતિહાસિક અને સ્વાભિમાની ધરતી પરથી પોતાની આ નવી યાત્રાનો શુભારંભ કરતા ગ્રુપ એડિટર પવન માકનજી તેમજ સમગ્ર 'પાક્કો ગુજરાત' પરિવાર પોતાના તમામ સન્માનિત વાચકો, સહયોગીઓ અને શુભચિંતકોનો હૃદયના ઊંડાણપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

### અમારો અખંડ સંકલ્પ:

'અમે ન કોઈના દબાણમાં ઝૂકીશું, ન અમારા માર્ગથી ડિગીશું; સત્યનો નિર્ભયતાથી સાથ આપીને જનતાના વિશ્વાસની રક્ષા કરીશું.'

આપનો આ સ્નેહ અને વિશ્વાસ જ અમારી સૌથી મોટી શક્તિ છે. અમને પૂરો વિશ્વાસ છે કે જે રીતે આપે અત્યાર સુધી 'પાક્કો ગુજરાત' ને પોતાનો ભરપૂર પ્રેમ આપ્યો છે, તેવી જ રીતે આપનો આ સાથ અને આશીર્વાદ અમારી આ નવી, રંગીન અને સંકલ્પબદ્ધ યાત્રામાં પણ નિરંતર મળતો રહેશે.

**— પવન માકન અને સમગ્ર પાક્કો ગુજરાત પરિવાર**

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## હાઈટેન્શન લાઈનની બાજુમાં મોબાઈલ ટાવરનું બાંધકામ શરૂ થતાં રહીશોમાં રોષ

ભરૂચ

રહેણાંક વિસ્તારની વચ્ચેથી પસાર થતી 132 KV હાઈટેન્શન લાઈન અને તેની નજીક શરૂ થયેલા આશરે 30 મીટર ઊંચા મોબાઈલ ટાવરના બાંધકામે પુષ્પમ, આશાપુરી અને રચના નગર-1થી 5 સોસાયટીના 3થી 4 હજાર રહીશોની ચિંતા વધારી દીધી છે. હાઈટેન્શન લાઈનથી ટાવરનું સલામત અંતર જળવાયું છે કે નહીં અને બાંધકામ પહેલાં તમામ જરૂરી મંજૂરી-એનઓસી મેળવવામાં આવી છે કે નહીં તે અંગે રહીશોએ ગંભીર સવાલો ઉઠાવી તંત્ર સમક્ષ રજૂઆત કરી છે.

રહીશોના આક્ષેપ મુજબ, સ્થળ પર ટાવરના બેઝ અને ફાઉન્ડેશનનું કામ શરૂ થઈ ગયું છે, પરંતુ જરૂરી કાયદાકીય તથા ટેકનિકલ મંજૂરીઓ અંગે સ્પષ્ટતા નથી. ખાસ કરીને 132 KV લાઈનની નજીક આટલી ઊંચાઈનું સ્ટ્રક્ચર ઊભું કરાતા વીજ સલામતીના નિયમોનું પાલન થયું છે કે નહીં તેની તાત્કાલિક ચકાસણી કરવાની માંગ ઉઠી છે.

વાવાઝોડું કે ભૂકંપમાં ટાવર હાઈટેન્શન લાઈન તરફ ઢળી પડે તો?-આ સવાલે રહીશોની ચિંતા વધુ ઘેરી બનાવી છે. કુદરતી આપત્તિ કે અન્ય પરિસ્થિતિમાં ટાવરનું સ્ટ્રક્ચર નિષ્ફળ જાય અને હાઈટેન્શન લાઈન સાથે સંપર્ક થાય તો ગંભીર જાનમાલનું જોખમ ઊભું થઈ શકે તેવી આશંકા સ્થાનિકોએ વ્યક્ત કરી છે. તેથી બાંધકામ પૂર્ણ થાય તે પહેલાં સ્થળની ટેકનિકલ સલામતીની ચકાસણી કરવાની માગ કરવામાં આવી છે.

## કૃષ્ણનગરમાં નજીવી વાતે બબાલ, કાર ચાલકને જાનથી મારી નાખવાની ધમકી

ભરૂચ

ભરૂચ શહેરના સિવિલ હોસ્પિટલ રોડ પર આવેલી કૃષ્ણનગર સોસાયટીમાં સામાન્ય બાબતે પડોશી હિંસક બની જવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સોસાયટીના આંતરિક વૈકલ્પિક રસ્તેથી કાર પસાર કરવા જેવી સામાન્ય બાબતે કારચાલક અને સ્થાનિક રહીશ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મામલો એટલો વણસ્યો કે રહીશે આવેશમાં આવી નજીકમાં પડેલો મોટો પથ્થર ઉઠાવી નવીનકોર કારના બોનેટ પર પછાડતાં ભારે નુકસાન પહોંચાડ્યું હતું. એટલું જ નહીં, કારચાલકને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા 31 વર્ષીય ઉમંગ અનિલકુમાર જૈન સોફ્ટવેર એન્જિનિયર તરીકે પોતાની કંપની ચલાવે છે. ગત 30 ઓગસ્ટના રોજ સવારે તેઓ પોતાની કંપનીના નામે નોંધાયેલી કાર લઈને કામ અર્થે વડોદરા જવા નીકળ્યા હતા. તેમના ઘરની બાજુમાં મકાનનું બાંધકામ ચાલી રહ્યું હોવાથી મુખ્ય રસ્તા પર બાંધકામનું મટીરિયલ પડેલું હતું. જેથી ઉમંગભાઈ સોસાયટીના અંદરના વૈકલ્પિક રસ્તેથી કાર ધીમેથી પસાર કરી રહ્યા હતા. આ દરમિયાન સી/33 નંબરના મકાન પાસે હરકીશનભાઈ મગનભાઈ મિસ્ત્રીના સંબંધીની કાર રસ્તા પર પાર્ક કરેલી હતી. તેની બાજુમાંથી ઉમંગભાઈ પોતાની કાર ધીમેથી પસાર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ત્યારે હરકીશનભાઈ અચાનક ઘરની બહાર દોડી આવ્યા હતા અને કાર પસાર કરવાની બાબતે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી.

બોલાચાલી દરમિયાન મામલો વધુ ઉગ્ર બન્યો હતો અને હરકીશનભાઈએ નજીકમાં પડેલો મોટો પથ્થર ઉઠાવી ઉમંગભાઈની કારના બોનેટ પર પછાડ્યો હતો.

## મહેસાણામાં સ્પાની આડમાં દેહવ્યાપારનો ધંધો! SMCના 5 ઠેકાણે દરોડા, 7 ઝડપાયા

મહેસાણા

મહેસાણા શહેરમાં સ્પા અને ગેસ્ટહાઉસની આડમાં ચાલતી કથિત અનૈતિક દેહવ્યાપારની ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)એ એકસાથે તવાઈ બોલાવી છે. મહેસાણા તાલુકા પોલીસની હદમાં આવેલા ચાર સ્પા અને એક ગેસ્ટહાઉસમાં દરોડા પાડતાં સંચાલકો-મેનેજરો અને ગ્રાહકો સહિત કુલ 7 આરોપીઓ ઝડપાયા, જ્યારે 6 આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

SMCને મળેલી બાતમીના આધારે એપલ વન સ્પા, ધ મુન લાઈટ સ્પા, ગોલ્ડન સ્પા, ધ લક્ઝરી બ્યુટી એન્ડ સ્પા અને હોટલ મધુવન ગેસ્ટ હાઉસમાં એકસાથે રેઈડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આ સ્થળોએ સ્પાની આડમાં મહિલાઓને ગ્રાહકો પાસેથી નાણાકીય લાભ અપાવવાની લાલચ આપી રોકી રાખી દેહવ્યાપારની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવવામાં આવતી હોવાની વિગતો સામે આવી હોવાનું પોલીસે જણાવ્યું છે. પાંચેય સ્થળેથી મોબાઈલ ફોન, રોકડ, DVR, રજીસ્ટર, નિરોધ, ભાડા કરાર, પેનડ્રાઈવ તથા અન્ય સામગ્રી સહિત કુલ રૂ.2,17,100નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

અલગ-અલગ પાંચ ગુનાઓમાં પકડાયેલા 7 આરોપીઓ સામે ઈમોરલ ટ્રાફિકિંગ (પ્રિવેન્શન) એક્ટની વિવિધ કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. સૌથી મોટો મુદ્દો એ છે કે દરોડા દરમિયાન 6 આરોપીઓ પોલીસના હાથમાં આવ્યા નથી.

## ફ્લેટ બન્યો જુગારનો અડ્ડો! અંકલેશ્વરમાં પત્તાની રમતમાં રોકડા-મોબાઈલ-બાઈક સાથે 5 ઝડપાયા

અંકલેશ્વર

અંકલેશ્વર GIDCના કાપોદ્રા પાટીયા પાસે આવેલા ઉમંગ રેસીડન્સીના ત્રીજા માળે મકાન નં. 303માં ભાડાના મકાનને જ જુગારના અડ્ડામાં ફેરવી દેવાયો હોવાનો પર્દાફાશ થયો છે. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે દરોડો પાડી પત્તા વડે રૂપિયાની હાર-જીતનો જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન રોકડ, મોબાઈલ અને ત્રણ મોટરસાઈકલ સહિત કુલ રૂ.2.10 લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો.

ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે મકાન નં.303માં રહેતો વિશાલભાઈ અશોકભાઈ રાદડીયા બહારથી લોકોને બોલાવી ભેગા કરી પત્તા વડે જુગાર રમાડે છે. બાતમીને આધારે ટીમે સ્થળ પર ત્રાટકી દરોડો પાડતાં જુગાર રમતો હોવાનો મામલો ઝડપાયો હતો.

પોલીસે સ્થળ પરથી દાવ પરના તથા આરોપીઓની અંગઝડતીમાંથી રૂ.28,500 રોકડા, પાંચ મોબાઈલ ફોન કિંમત રૂ.42,000 તથા ત્રણ મોટરસાઈકલ કિંમત રૂ.1.40 લાખ કબજે કરી હતી. આ ઉપરાંત પત્તા, પાથરણું અને લાઈટ બિલ સહિત કુલ રૂ.2,10,500નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. દરોડામાં વિશાલભાઈ રાદડીયા (29), બાલુભાઈ કરડ (40), વિજયભાઈ કોટડીયા (40), જીગ્નેશભાઈ કકડીયા (38) અને કૌશીષભાઈ ઘોડાસરા (31) ઝડપાયા હતા. પોલીસે તમામ વિરુદ્ધ જુગારધારાની સંલગ્ન કલમો હેઠળ કાર્યવાહી હાથ ધરી અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે.

### કેનાલમાં ઔદ્યોગિક કેમિકલ અને ગંદું પાણી છોડાતું હોવાનો આક્ષેપ

# ધોળકાના ભેટાવાડામાં 'ફૂલોની મહેક' પર કેમિકલનું ગ્રહણ : ગુલાબની ખેતી છોડવા ખેડૂતો મજબૂર થયા

ધોળકા

ધોળકા તાલુકાનું ભેટાવાડા ગામ, જે એક સમયે ગુલાબ અને સુગંધિત ફૂલોની ખેતી માટે જાણીતું હતું, આજે પ્રદૂષિત પાણીની સમસ્યાને કારણે ગંભીર સંકટનો સામનો કરી રહ્યું છે. ખેડૂતોનો આક્ષેપ છે કે કેનાલમાં કેમિકલયુક્ત ઔદ્યોગિક પાણી તથા ધોળકા નગરપાલિકાનું ગંદું પાણી ઠલવાતું હોવાના કારણે ખેતીની જમીન અને ભૂગર્ભ જળ દૂષિત થઈ રહ્યાં છે.



ખેડૂતોના જણાવ્યા મુજબ અગાઉ ગુલાબની ખેતીથી મહિને રૂ.50 હજારથી રૂ.1 લાખ સુધીની આવક થતી હતી. વર્ષો જૂના ગુલાબના છોડ સતત 7 વર્ષ સુધી ઉત્પાદન આપતા હતા. જોકે, હાલના પ્રદૂષણને કારણે છોડ બે વર્ષમાં જ સુકાઈ જતા હોવાનો ખેડૂતોનો દાવો છે. પરિણામે ઊભા પાક સહિત ગુલાબના છોડ ઉખેડીને ફેંકવાની સ્થિતિ ઊભી થઈ છે.

સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે આશરે 15થી 17 વર્ષ પહેલાં નર્મદાનું પાણી આવશે તેવી આશાએ ખેડૂતો દ્વારા કેનાલ માટે જમીનો આપવામાં આવી હતી. હવે એ જ કેનાલોમાં પ્રદૂષિત પાણી આવતું હોવાનો આક્ષેપ ખેડૂતો કરી રહ્યા છે. ભેટાવાડા ઉપરાંત ત્રાસદ, નેસડા અને પાલડી સહિતના ગામોમાં પણ ભૂગર્ભ જળ દૂષિત થવાની ફરિયાદો કરવામાં આવી રહી છે.

ખેડૂતોનું કહેવું છે કે પ્રદૂષિત પાણીના કારણે માત્ર પાકને જ નુકસાન નથી થઈ રહ્યું, પરંતુ જમીનની ગુણવત્તા પણ સતત ઘટી રહી છે. લાંબા સમય સુધી આ સ્થિતિ ચાલુ રહેશે તો ખેતીલાયક જમીન બંજર બનવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

કેમિકલયુક્ત પાણીના કારણે સ્થાનિક લોકોમાં ચામડીના રોગો સહિતની આરોગ્ય સંબંધિત સમસ્યાઓ વધી હોવાનો ગ્રામજનોનો દાવો છે. કેન્સરના કારણે અત્યાર સુધીમાં 11 લોકોનાં મોત થયાં હોવાનો પણ સ્થાનિકોનો દાવો છે. જોકે, આ મોત અને પાણીના પ્રદૂષણ વચ્ચે સીધો સંબંધ સ્થાપિત કરવા માટે સત્તાવાર તબીબી અને વૈજ્ઞાનિક તપાસ જરૂરી છે.

ગ્રામજનોનું કહેવું છે કે જો પ્રદૂષિત પાણીથી ખેતી થઈ રહી હોય તો તેની અસર માત્ર ખેડૂતો પૂરતી મર્યાદિત રહેતી નથી. આવા પાણીથી ઉગાડવામાં આવતા અનાજ, શાકભાજી તથા દૂષિત ઘાસચારો ખાનારા પશુઓનું દૂધ પણ લોકો સુધી પહોંચે છે. તેથી સમગ્ર મામલે તાત્કાલિક વૈજ્ઞાનિક તપાસ અને પાણી-જમીનના નમૂનાઓનું પરીક્ષણ કરવાની માગ ઉઠી છે. 11 દિવસથી આંદોલન, હવે ગાંધીનગર સુધી લડત લઈ જવાની તૈયારી


સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતો છેલ્લા 11 દિવસથી આંદોલન કરી રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. સ્થાનિક સ્તરે રજૂઆતો છતાં સંતોષકારક ઉકેલ ન મળતાં હવે આ લડત ગાંધીનગર સુધી લઈ જવાની માગ ઉઠી છે. ખેડૂતો તરફથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની ગાંધીનગર કચેરી સુધી મોરચો લઈ જવાની અને પ્રદૂષણ ફેલાવતી ઔદ્યોગિક એકમોની તપાસ કરવાની માગ કરવામાં આવી છે. દોષિત એકમો સામે કાયદેસરની કાર્યવાહી અને જરૂરી હોય ત્યાં ક્લોઝર નોટિસની પણ માગ છે. આ મુદ્દે આગામી વિધાનસભા સત્ર દરમિયાન ધોળકાના ધારાસભ્ય સહિત તમામ જનપ્રતિનિધિઓએ અવાજ ઉઠાવવો જોઈએ તેવી માગ પણ કરવામાં આવી છે. ખેડૂતોના નુકસાનનું સર્વેક્ષણ કરી વળતર, કેનાલના પાણીની તપાસ, ઔદ્યોગિક એકમોની તપાસ તથા અસરગ્રસ્ત લોકો માટે આરોગ્ય તપાસ કેમ્પ યોજવાની માગ કરવામાં આવી છે.

### 133 કરોડના ખર્ચે વિવિધ કાર્યો કરાશે

## ટુરિઝમ, ધર્મ સ્થળના વિકાસ માટે 10 પ્રોજેક્ટ મંજૂર

ગાંધીનગર

ગુજરાત સરકારે રાજ્યના પ્રવાસન અને ધાર્મિક સ્થળોના ભવ્ય વિકાસ માટે રૂ. 133 કરોડના 10 પ્રોજેક્ટ્સને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. શહેરી વિકાસ વિભાગે ગિર વિસ્તારના આઈકોનિક વિકાસ, રૂપાલ વરદાયિની માતાજી મંદિર, ગોંડલનો અનળગઢ કિલ્લો અને ઉનાઈ માતાજી મંદિર સંકુલના કાયાકલ્પને પ્રાધાન્ય આપ્યું છે. આ ઉપરાંત, ભાદરવા ખાતે મહિસાગર નદી પર ઘાટ નિર્માણ પણ થશે.




ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં પ્રવાસન અને ધાર્મિક સ્થળોના ભવ્ય વિકાસ માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં પ્રવાસન અને ધાર્મિક ધામોના કાયાકલ્પ અર્થે આશરે રૂ. 133 કરોડના ખર્ચે 10 જેટલા વિવિધ પ્રોજેક્ટ્સને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આ તમામ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે.

મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સમાં ગિર વિસ્તારના આઈકોનિક વિકાસને પ્રધાનતા આપવામાં આવી છે. તે સિવાય ગાંધીનગરના રૂપાલ સ્થિત પ્રખ્યાત વરદાયિની માતાજીના મંદિરના સર્વગ્રાહી વિકાસ માટે સૌથી વધુ રકમ ફાળવવામાં આવી છે.

આ ઉપરાંત, સૌરાષ્ટ્રમાં આવેલા ગોંડલના ઐતિહાસિક અનળગઢ કિલ્લા અને મહાકાળી માતાજીના મંદિરના આસપાસના પરિસરના વિકાસ કામો પણ હાથ ધરાશે. દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં આવેલા વાંસદા ખાતે ઉનાઈ માતાજી મંદિર સંકુલમાં ભવ્ય પ્રવેશદ્વાર, પ્રદક્ષિણા પથ, કલ્ચરલ હોલ, ભોજનાલય અને લાઈબ્રેરી સહિતના વિવિધ વિકાસ કાર્યો કરવામાં આવશે.

## વાવ તાલુકાને મળી મોટી ભેટ : વાસરડા-ભાણખોડ વચ્ચે 330 કરોડના ખર્ચે 3 કિ.મી. ડામર રોડનું ખાતમુહૂર્ત

વાસરડા, ભાણજી ઠાકોર,

વાવ તાલુકાના વાસરડા ગામના લોકો માટે આજે ઐતિહાસિક દિવસ રહ્યો વાસરડા થી ભાણખોડ સુધીના 3 કિલોમીટર લાંબા ડામર રોડનું ખાતમુહૂર્ત વાવના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના મંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોર*ના હસ્તે ભવ્ય રીતે કરવામાં આવ્યું.



કુલ 330 કરોડ ના ખર્ચે બનનાર આ રોડથી વાસરડા અને ભાણખોડ સહિત આસપાસના ગામોને સીધો ફાયદો થશે.રોડ બનતા વાહનવ્યવહાર સરળ બનશે, ખેડૂતોને પોતાનો માલ બજાર સુધી લઈ જવામાં સરળતા રહેશે અને શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓને પણ રાહત મળશે.

ખાતમુહૂર્ત પ્રસંગે બોલતા મંત્રી શ્રી' *સ્વરૂપજી ઠાકોરે જણાવ્યું કે 'વિકાસ જ અમારી પ્રાથમિકતા છે. વાવ વિસ્તારના ગામડા-ગામડા સુધી પાકા રોડ, પાણી અને સુવિધાઓ પહોંચાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ રોડથી આ વિસ્તારના લોકોનું જીવનધોરણ સુધરશે.'

### આપત્તિ અને VIP મૂવમેન્ટમાં હેલિપેડ બનશે વધુ ઉપયોગી

## રાજ્યના તમામ હેલિપેડની હવેથી દર 3 મહિને તપાસ થશે : ખામી જણાય તો તાત્કાલિક રિપેર કરાશે

રાજ્યમાં પૂર, વાવાઝોડું કે અન્ય કુદરતી આપત્તિ દરમિયાન રાહત અને બચાવ કામગીરી ઉપરાંત તબીબી કટોકટી અને વડાપ્રધાન-મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોના પ્રવાસ સમયે હેલિપેડનો મહત્વપૂર્ણ ઉપયોગ થાય છે

ગાંધીનગર

ગુજરાત રાજ્યના તમામ હયાત હેલિપેડને હંમેશા ઉપયોગલાયક અને 'ઓપરેશનલ કન્ડિશન'માં રાખવા ગુજરાત સરકારે મહત્વના દિશા-નિર્દેશો જાહેર કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ માર્ગ અને મકાન વિભાગે પરિપત્ર જાહેર કરી હેલિપેડની નિયમિત જાળવણી અને નિરીક્ષણની વ્યવસ્થા વધુ કડક બનાવી છે.

નવા નિયમ મુજબ દરેક હેલિપેડનું ઓછામાં ઓછું દર ત્રણ મહિને એક વખત સ્થળ નિરીક્ષણ કરવું ફરજિયાત રહેશે. નિરીક્ષણ દરમિયાન હેલિપેડમાં કોઈ ખામી, નુકસાન કે મરામતની જરૂરિયાત જણાશે તો તેને કોઈ વિલંબ વગર તાત્કાલિક દૂર કરવા સૂચના આપવામાં આવી છે.

તમામ હયાત હેલિપેડ સતત કાર્યરત સ્થિતિમાં રહે તેની જવાબદારી સંબંધિત કાર્યપાલક ઈજનેરને સોંપવામાં આવી છે. જ્યારે અધિક્ષક ઈજનેર પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ હેલિપેડની જાળવણી અંગે સમયાંતરે સમીક્ષા કરશે. હેલિપેડની જાળવણીમાં માત્ર રનિંગ સપાટી જ નહીં, પરંતુ પેવમેન્ટ, પેઈન્ટેડ માર્કિંગ, ડ્રેનેજ સિસ્ટમ અને એપ્રોચ વિસ્તાર સહિતની તમામ આનુષંગિક સુવિધાઓની પણ નિયમિત તપાસ અને જરૂરી મરામત કરવામાં આવશે. સરકારે હેલિપેડની આસપાસના સંભવિત અવરોધો અંગે પણ સ્પષ્ટ સૂચના આપી છે. હેલિપેડ પર કે આસપાસ અનધિકૃત દબાણ, બાંધકામ, સામગ્રીનો સંગ્રહ, વાહન પાર્કિંગ, કચરો, ઝાડી-ઝાંખરા તેમજ સરકારી વિભાગો દ્વારા જપ્ત કરાયેલા બિનઉપયોગી વાહનો ન રહે તે માટે સતત દેખરેખ રાખવામાં આવશે. રાજ્યમાં પૂર, વાવાઝોડું કે અન્ય કુદરતી આપત્તિ દરમિયાન રાહત અને બચાવ કામગીરી ઉપરાંત તબીબી કટોકટી અને વડાપ્રધાન-મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોના પ્રવાસ સમયે હેલિપેડનો મહત્વપૂર્ણ ઉપયોગ થાય છે. આવા સમયે હેલિપેડ તાત્કાલિક ઉપયોગમાં લઈ શકાય તે માટે સરકાર દ્વારા આ વ્યવસ્થા વધુ સુદ્દઢ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### અમદાવાદના નાના ચિલોડામાં કોંગ્રેસ નેતાના ભત્રીજાની દાદાગીરી

## 'નિરવાના' ટ્યુશન ક્લાસના વિદ્યાર્થીઓ પર 10 થી 12 શખ્સો સાથે તૂટી પડ્યા..!!

સમગ્ર ધાકધમકી અને હુમલાના દ્રશ્યો કેમેરામાં કેદ થઈ જતાં તેનો વીડિયો સો. મીડિયા પર વાયરલ થયો

અમદાવાદ

અમદાવાદ શહેરના નાના ચિલોડા વિસ્તારમાંથી સત્તાના નશામાં અંધ થયેલી માથાભારે તત્વોની દાદાગીરી અને ગુંડાટોળકીનો એક ખૌફનાક કિસ્સો સામે આવ્યો છે. પૂર્વ કોર્પોરેટર અને કોંગ્રેસ નેતા ઓમપ્રકાશ તિવારીના ભત્રીજા કાર્તિક તિવારી અને અજય તિવારી સામે માસૂમ વિદ્યાર્થીઓ પર જીવલેણ હુમલો કરવાનો અને ધોળેદિવસે રસ્તા વચ્ચે ઢોર માર મારવાનો ગંભીર આક્ષેપ થયો છે. આ શરમજનક અને ખૌફનાક ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ સમગ્ર અમદાવાદમાં અરેરાટી સાથે ભારે રોષ વ્યાપી ગયો છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, નાના ચિલોડા વિસ્તારમાં આવેલા 'નિરવાના ટ્યુશન ક્લાસિસ' (જોયેલ ગોલ્ડ હાઈટ્સ નજીક) ના વિદ્યાર્થીઓ સાથે અચાનક બોલાચાલી થઈ હતી. જે બાદ કોંગ્રેસ નેતાના ભત્રીજા કાર્તિક તિવારીએ પોતાની સાથે ૧૦ થી ૧૨ જેટલા લફંગા યુવકોની આખી ગુંડાટોળકીને સ્થળ પર બોલાવી લીધી હતી.

અસામાજિક તત્વોના ટોળાએ ટ્યુશનમાં ભણતા નિર્દોષ વિદ્યાર્થીઓને ઘેરી લઈને અંધાધૂંધ માર મારવાનું શરૂ કર્યું હતું.

સ્થાનિકોએ વચ્ચે પડી બચાવ્યા: હુમલાથી ગભરાઈ ગયેલા વિદ્યાર્થીઓને માર ખાતા જોઈને આસપાસના સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને મહામુસીબતે બંને વિદ્યાર્થીઓને આ હિંસક ઝનૂની ટોળાના ચંગુલમાંથી છોડાવ્યા હતા.

આ ગુંડાટોળકીનો ખોફ આટલેથી જ શાંત નહોતો થયો. સ્થાનિકોએ બચાવ્યા બાદ જ્યારે ભયભીત થયેલા વિદ્યાર્થીઓ પોતાના ઘરે તરફ જઈ રહ્યા હતા, ત્યારે કાયદાનો કોઈ જ ભય ન હોય તેમ પેટ્રોલ પંપ પાસે કાર્તિક તિવારી અને તેની ટોળકીએ ફરીથી વિદ્યાર્થીઓને આંતરીને આંતંક મચાવ્યો હતો.

## શું AMC કમિશનર રાત્રી બજારનું ટેબલ-ખુરશી રાજ બંધ કરાવી શકશે? માણેકચોકના નાના પાથરણાવાળાઓ પર જ કેમ તંત્રનો જોર-જુલમ?

**નાના સામાન્ય વેપારીઓએ મ્યુનિસિપલ કમિશનરને આજીજી સાથે ચીમકી આપી છે કે જો માણેકચોકમાં નિયમો પાળવાના હોય તો સૌના માટે સરખા હોવા જોઈએ, જો તંત્રમાં તાકાત હોય તો રાત્રી બજારનું આ ગેરકાયદે ટેબલ-ખુરશી રાજ બંધ કરાવીને બતાવે**

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના એસ્ટેટ વિભાગની બેવડી નીતિ અને શંકાસ્પદ કામગીરી સામે માણેકચોકના નાના વેપારીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે. આજ રોજ એસ્ટેટ અધિકારીઓ દ્વારા માણેકચોક ખાણી-પીણી બજારમાં હાથ ધરવામાં આવેલી દબાણ હટાવો ઝુંબેશમાં માત્ર રોજીરોટી કમાતા નાના પાથરણાવાળાઓને જ લક્ષ્ય બનાવીને હેરાનમાં હેરાન કરવામાં આવ્યા હોવાનો ગંભીર આક્ષેપ ઉઠ્યો છે. આ અન્યાયી કાર્યવાહી બાદ પીડિત પાથરણાવાળાઓએ AMC મ્યુનિસિપલ કમિશનર સમક્ષ પોતાના આકરા સવાલો રજૂ કર્યા છે.

ઐતિહાસિક માણેકચોક ખાણી-પીણી બજારમાં દરરોજ રાત્રે જાહેર માર્ગો પર મોટી લારીઓ દ્વારા ગેરકાયદેસર રીતે સેંકડો ટેબલ અને ખુરશીઓ પાથરી દેવામાં આવે છે, જેના કારણે આખો રસ્તો બ્લોક થઈ જાય છે અને ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાય છે. આમ છતાં, એસ્ટેટ વિભાગના અધિકારીઓ આ મોટા લારીધારકો સામે આંખ આડા કાન કરીને માત્ર ગરીબ અને સામાન્ય પાથરણાવાળાઓ પર જ કેમ દંડો પછાડી રહ્યા છે? કોના ઈશારે અને કયા સ્વાર્થ ખાતર આ ભેદભાવભરી નીતિ અપનાવવામાં આવી રહી છે તે હવે ચર્ચાનો વિષય બન્યો છે. જાહેર રસ્તા પર ટેબલ-ખુરશીઓનું સામ્રાજ્ય ખડકી દેનારા મોટા ખાણી-પીણીના વેપારીઓ સામે અધિકારીઓ કાર્યવાહી કરતા કેમ અચકાય છે? શું AMCના ભ્રષ્ટ અધિકારીઓને દર મહિને ચોક્કસ હપ્તો મળી રહ્યો છે? નાના પાથરણાવાળાઓનો સીધો આરોપ છે કે મોટા વેપારીઓ સાથે અધિકારીઓની અંદરોઅંદરની મિલીભગત અને હપ્તાખોરીના કારણે જ આ ગેરકાયદે ટેબલ-ખુરશી રાજ બેફામ ચાલી રહ્યું છે. માણેકચોકના જૂના શેરબજાર સ્થિત જાહેર પાર્કિંગમાં લારીઓ પાર્ક કરીને ત્યાં જ ધંધો કરવાની છૂટ કોણે આપી? શું સ્માર્ટ સિટીના પાર્કિંગ નિયમોમાં આ પ્રકારે પાર્કિંગ જગ્યાનો વ્યાપારી ઉપયોગ કરવાની કોઈ ગાઈડલાઈન છે ખરી?

### જનજાગૃતિના નામે મીંડું અને કોંગ્રેસની માંગણી

# ગુજરાતમાં દલિત-આદિવાસીઓ પર અત્યાચાર ચરમસીમાએ: ભાજપ સરકારની નિષ્ફળતા પર કોંગ્રેસના આકરા પ્રહારો



ગાંધીનગર

ગુજરાતમાં દલિત અને આદિવાસી સમાજ પર થતા અત્યાચારો અને કાયદો-વ્યવસ્થાની કથળતી સ્થિતિ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિરેન બેન્કરે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. લોકસભાના પટલ પર રજૂ થયેલા આંકડાઓનો હવાલો આપતા તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં ભાજપ સરકારના 'વિકાસ'ના પોકળ દાવાઓ વચ્ચે દલિત અને આદિવાસી સમાજ સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યો છે. ડૉ. હિરેન બેન્કરે ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, ભાજપ સરકાર માત્ર મતોની રાજનીતિ જાણે છે, પરંતુ નાગરિકોને બંધારણીય હક્કો અને સુરક્ષા આપવામાં સદંતર નાકામ નીવડી છે. રાજ્યમાં અનુસૂચિત જાતિ (SC) પર અત્યાચારની કુલ ૧૩,૭૩૧ ઘટનાઓ નોંધાઈ છે, જે દર્શાવે છે કે દરરોજ સરેરાશ ૩થી વધુ દલિતો અત્યાચારનો ભોગ બની રહ્યા છે. આ આંકડાઓ માત્ર નોંધાયેલા ગુનાઓના છે, જ્યારે ડર અને દબાણને કારણે હજારો કિસ્સાઓ પોલીસ ચોપડે પહોંચતા જ નથી.

આદિવાસી સમાજ પરના અત્યાચારો અંગે પણ તેમણે સરકારની ઉદાસીનતાની આકરી ટીકા કરી હતી. છેલ્લા છ વર્ષમાં અનુસૂચિત જનજાતિ (ST) પર અત્યાચારના કુલ ૧,૮૮૭ નવા કેસો નોંધાયા છે અને હાલમાં ૩,૫૫૩ કેસોના ટ્રાયલ બાકી છે. આ સ્થિતિ દર્શાવે છે કે રાજ્યમાં દર ૪૮ કલાકે એક આદિવાસી ભાઈ કે બહેન પર અત્યાચાર અથવા હુમલાની ઘટના બને છે. અમદાવાદ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, કચ્છ અને જૂનાગઢ જેવા જિલ્લાઓમાં અનુસૂચિત જાતિ પરના ગુનાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. સૌથી ચોંકાવનારી બાબત ગુનેગારોને સજા અપાવવામાં સરકારની નિષ્ફળતા છે. અનુસૂચિત જાતિના કેસોમાં દોષિત ઠેરવવાનો દર (કન્વિકશન રેટ) વર્ષ ૨૦૨૩માં ૭.૪ ટકા હતો, જે ૨૦૨૪માં ઘટીને માત્ર ૫.૪ ટકા થઈ ગયો છે.

### ભાદર બીજના મેળા પહેલાં

## સાધલી-કુકસ રોડ પરના સુકાયેલા જીવલેણ વૃક્ષો હટાવવા માંગ

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના કુકસ ગામે આગામી તારીખ 13 અને 14 ના રોજ ભાદર બીજ નો પ્રખ્યાત મેળો શ્રી નાયાજી મહારાજ મંદિરે ભરાનાર છે. માર્ગ મકાન તંત્ર દ્વારા ખાડાઓ પૂરવાની વેઠ ઉતાર કામગીરી સામે અસંતોષ વ્યાપેલ છે. તથા રસ્તાની આજુબાજુ સુકાઈ ગયેલા ઘણા વૃક્ષો ઓચિંતા પડે તો જીવલેણ બની શકે તેમ છે. ભાદર બીજ ના મેળા પહેલા આ જીવલેણ વૃક્ષો તથા રસ્તો ડામરથી મરામત કરવાની માંગ કરવામાં આવેલ છે. તારીખ 6 જુલાઈ 2026 તાજેતરમાં જ કુકસ થી સાધલી તરફ આવી રહેલા અને વરસાદના કારણે ઝાડ નીચે ઉભેલા કરજણના નિવૃત્ત પોલીસ મધુભાઈ વસાવાનું મૃત્યુ થયું હતું. અને ઓચિંતા અકસ્માત



મૃત્યુના કારણે ધારાસભ્ય અક્ષય પટેલના હસ્તે સરકાર દ્વારા તારીખ 16 જુલાઈ ના રોજ 4,00,000 નો સહાય ચેક આપવામાં આવ્યો હતો. જે તાજો જ પ્રસંગ છે. આ રસ્તા ઉપર તસવીરમાં દેખાતા સુકાઈ ગયેલા 15 થી 20 વૃક્ષો આજે પણ ઊભા છે, જેના ઉપર વાંદરાઓ પણ ચડવાનું નામ લેતા નથી, તેવા બઈડ જાતના છે. ઉધાઈ થી આ તમામ ઝાડોના થળ ખલાસ થઈ ગયા છે, તે ઉપરાંત ઘણા લીલા વૃક્ષો આખાને આખા રોડ તરફ નમી ગયેલા છે.

# મોરબીમાં વ્યાજખોરોના ત્રાસથી ભાજપ આગેવાને કરી આત્મહત્યા

### 3.50 લાખના 7 ટકા વ્યાજ માટે કાર પડાવી પઠાણી ઉઘરાણી કરતા ભરેલું આત્યંતિક પગલું

મોરબી

મોરબી જિલ્લામાં વ્યાજખોરીના ઝાળે વધુ એક નિર્દોષનો બલિ લીધો છે. ચરાડવા ગામના વ્યાજખોરોના અમાનુષી ત્રાસ અને પઠાણી ઉઘરાણીથી કંટાળીને મોરબી જિલ્લાના ભાજપ આગેવાને ગળે ટૂંપો ખાઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી ગઈ છે. મળતી વિગતો મુજબ, ભાજપના સ્થાનિક આગેવાને જરૂરિયાત ખાતર ચરાડવાના વ્યાજખોરો પાસેથી ૩ લાખ ૫૦ હજાર રૂપિયા ૭ ટકાના ઊંચા વ્યાજદરે લીધા હતા. સમયસર વ્યાજ ચુકવવા છતાં વ્યાજખોરોની ભૂખ સંતોષાઈ ન હતી. વ્યાજના વિષચક્રમાં ફસાયેલા આગેવાન પાસે પૈસા ખૂટી પડતાં વ્યાજખોરોએ



માનસિક અને શારીરિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આટલેથી ન અટકતાં વ્યાજખોરોએ દાદાગીરી કરી તેમની ફોરવહીલ કાર પણ બળજબરીપૂર્વક પડાવી લીધી હતી. ૭ ટકા વ્યાજ મેળવવા છતાં વ્યાજખોરો દ્વારા સતત પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હતી અને જાહેર સમાજમાં અપમાનિત કરવાની ધમકીઓ આપવામાં આવતી હતી. વ્યાજખોરોના આ સતત માનસિક ત્રાસ અને દબાણથી કંટાળીને આખરે કોઈ માર્ગ ન દેખાતાં ભાજપ આગેવાને આત્મહત્યા જેવું ઘાતક પગલું ભરી લીધું હતું. જ્યારે ખુદ સત્તાધારી પક્ષના જિલ્લા કક્ષાના આગેવાન વ્યાજખોરોના ત્રાસથી જિંદગી ટૂંકાવવા મજબૂર બને, ત્યારે સામાન્ય જનતાની સુરક્ષા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થાય છે. ગૃહવિભાગ દ્વારા વ્યાજખોરો સામે ગમે તેટલી ઝુંબેશ ચલાવવામાં આવતી હોવાના દાવા કરવામાં આવે, પરંતુ જમીની હકીકત એ છે કે વ્યાજ રાક્ષસો હજુ પણ બેફામ બનીને લોકોનો ભોગ લઈ રહ્યા છે. સ્થાનિક પોલીસે આ મામલે ગુનો નોંધી, નિર્દોષ આગેવાનને આત્મહત્યા માટે મજબૂર કરનારા ચરાડવાના વ્યાજખોરો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

## માલસર બ્રિજ પાસે ઝાડીઓમાં ચાલતો શ્રાવણીયો જુગાર ધામધૂમથી ઝડપાયો

સાધલી, હસમુખ પટેલ

શિનોર પોલીસને બાતમીદાર દ્વારા બાતમી મળી હતી કે માલસર ગામ તરફ જવાના રસ્તાની બાજુમાં આવેલ બ્રિજની પાસે આવેલ ઝાડી ઝાંખરામાં જુગાર રમાય છે. તેથી પી.આઈ. આર આર વસાવા, એ.એસ.આઈ. પ્રકાશભાઈ, હેડ કોન્સ્ટેબલ રવિન્દ્રભાઈ .હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ, પો.કો. કાદરભાઈ અને પો.કો. માર્કંડભાઈ ની ટીમે સ્થળ તારીખ 2 સપ્ટેમ્બર ના રોજ ત્યાં પહોંચી પત્તા પાણા થી



જુગાર રમતા, સના બચુ દેવીપુજક, અરવિંદ બચુ દેવીપુજક અને રોહિત નગીન વસાવાને ઝડપી પાડી જુગારધારા નો કેસ કરેલ છે. તેઓની અંગ ઝડતી માંથી 4,870 અને દાવ ઉપરના 7350 મળીને કુલ 12220 નો મુદ્દા માલ જપ્ત કરેલ છે. ત્રણ જુગારીયા ને પકડવા માટે પોલીસ ઈન્સ્પેક્ટર સહિત 6 ની ટીમ કામે લાગતા નવાઈ નો કિસ્સો બનેલ છે.

### શિક્ષક દિને જ આક્રોશ

## TET મુક્તિ અને OPS ની માંગ સાથે સુરત જિલ્લાના પ્રાથમિક શિક્ષકો 'બ્લેક બેજ' પહેરી વિરોધ નોંધાવશે

ગાંધીનગર, વિજય પટેલ

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં આદેશ અનુસાર પ્રાથમિક શિક્ષકોનાં લાંબા સમયથી પડતર પ્રશ્નોને લઈ આંદોલનાત્મક કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. રાજ્ય સંઘનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા તથા મહામંત્રી જૈમિનભાઈ પટેલનાં આદેશ અનુસાર આગામી 5 સપ્ટેમ્બર, શિક્ષક દિને સુરત જિલ્લાનાં તમામ તાલુકાનાં પ્રાથમિક શિક્ષક ભાઈ-બહેનો કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી પોતાની માંગણીઓ પ્રતિ સરકારશ્રીનું ધ્યાન દોરશે. શિક્ષકોની મુખ્ય બે માંગણીઓ: 1. TET પરીક્ષા : સને-2011 પહેલાં નિમણૂક પામેલા તમામ પ્રાથમિક શિક્ષકોને TET પરીક્ષામાંથી મુક્તિ આપવી. 2. જૂની પેન્શન યોજના : સને-2005 પછી નિમણૂક પામેલા તમામ શિક્ષકો માટે જૂની પેન્શન યોજના (OPS) સંપૂર્ણપણે લાગુ કરવી.

આ બંને મુદ્દાઓ સહિત શિક્ષકોનાં અન્ય વિવિધ પડતર પ્રશ્નો અંગે સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં પ્રશ્નોનો સંતોષકારક ઉકેલ ન આવતાં શિક્ષકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. આ મુદ્દાઓને લઈને આગામી દિવસોમાં દિલ્હી ખાતે રાષ્ટ્ર કક્ષાએ પણ આંદોલનાત્મક કાર્યક્રમ પણ જાહેર કરવામાં આવેલ છે, તેનાં પ્રથમ તબક્કાનાં ભાગરૂપે 5 સપ્ટેમ્બરે સ્થાનિક કક્ષાએ 'બ્લેક બેજ વિરોધ' કાર્યક્રમ યોજાશે. આ અંગે સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં નવનિયુક્ત પ્રમુખ બળદેવભાઈ પટેલ તથા મહામંત્રી બીપીનભાઈ પટેલે જણાવ્યું હતું કે શિક્ષકોની માંગણીઓ માત્ર વ્યક્તિગત હિત સાથે નહીં પરંતુ શિક્ષણ વ્યવસ્થા અને શિક્ષકોનાં ભવિષ્ય સાથે સંકળાયેલી છે. સરકાર દ્વારા આ પ્રશ્નો અંગે હકારાત્મક અને તાત્કાલિક નિર્ણય લેવામાં આવે તેવી સમગ્ર શિક્ષક સમાજની માંગ છે.

### તંત્રની ઘોર બેદરકારી સામે ગ્રામજનોમાં આક્રોશ

## ડભોઈના ગોજલી-કરાલી વચ્ચે પીવાના પાણીના વાલ્વમાં ભયાનક લીકેજ: રોજેરોજ હજારો ગેલન ચોખ્ખું પાણી ખાડીમાં વેડફાયું

ડભોઈ

ડભોઈ તાલુકામાં 'જળ એ જ જીવન'ના સરકારી નારાઓનું તંત્ર દ્વારા જ ફિઆસ્કો મશહૂર કરવામાં આવી રહ્યું છે. ગોજલીથી કરાલી ગામ વચ્ચેથી પસાર થતી પીવાના ચોખ્ખા પાણીની મુખ્ય પાઈપલાઈનના વાલ્વમાં છેલ્લા ઘણા સમયથી મોટું લીકેજ સર્જાયું છે. આ બેદરકારીના કારણે દરરોજ હજારો ગેલન શુદ્ધ પીવાનું પાણી રસ્તાની બાજુમાં આવેલી ખાડીમાં વહીને પાયમાલ થઈ રહ્યું છે. સરકારી કાગળો પર જળ સંચયની મોટી



વાતો કરતા પાણી પુરવઠા વિભાગના નિંભર અધિકારીઓની આંખ સામે જ કિંમતી જળનો આ રીતે સતત બગાડ થતાં સ્થાનિક ગ્રામજનોમાં રોષની જ્વાળા ભડકી ઉઠી છે.

સ્થાનિક લોકોમાં ચર્ચાતી વિગતો મુજબ, પાણી પુરવઠા વિભાગના કર્મચારીઓ અને જવાબદાર અધિકારીઓ અવારનવાર આ જ માર્ગ પરથી પોતાના સરકારી વાહનો લઈને પસાર થાય છે. છતાં પણ રસ્તા કિનારે ખાડીમાં ધોધમાર વહી જતાં હજારો લિટર પીવાના પાણી તરફ તેમની નજર કેમ નથી પડતી તે એક મોટો સવાલ છે. સરકાર એક તરફ 'ટીપું ટીપું પાણી બચાવો'ના બોર્ડ મારીને પ્રજાને ઉપદેશ આપે છે, તો બીજી તરફ તંત્રની છત્રછાયા હેઠળ જ રોજેરોજ લાખો લિટર શુદ્ધ પાણી ગટરો અને ખાડીઓમાં વહીને વેડફાઈ રહ્યું છે. ચાલુ વર્ષે ચોમાસું નબળું રહ્યું હોવાથી આગામી દિવસોમાં ભૂગર્ભ જળસ્તર ઊંડા જવાની અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની આકરી અછત સર્જાવાની પૂરી શક્યતા છે. આવા કટોકટીના સંજોગોમાં જો અત્યારથી જ પાણીનો આટલો મોટો બગાડ અટકાવવામાં નહીં આવે, તો આગામી ઉનાળાની ઋતુમાં ગોજલી, કરાલી અને આસપાસના ડઝનબંધ ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી માટે ત્રાહિમામ પોકારી જશે અને ટીંપા પાણી માટે હાહાકાર મચશે. આક્રોશિત ગ્રામજનોની સ્પષ્ટ માંગ છે કે પાણી પુરવઠા વિભાગ તાત્કાલિક પોતાની કુંભકર્ણની નિંદ્રામાંથી જાગે અને ગોજલી-કરાલી વચ્ચેના આ લિકેજ વાલ્વનું યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરે. જો તંત્ર દ્વારા આ આત્યંતિક બગાડ તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે તો ગ્રામજનોએ રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી છે.

### સ્થાનિક વહીવટી તંત્રને અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆતો

## ડભોઇ-થરવાસા ઓવરબ્રિજ બન્યો 'ડેથ ટ્રેપ': ઊખડેલી કપચી અને નિંભર તંત્રની કુંભકર્ણી નિંદ્રા લેશે કોઈનો ભોગ?

ડભોઇ

ડભોઈથી કરજણ તરફ જતા અત્યંત વ્યસ્ત એવા મુખ્ય માર્ગ પર આવેલો થરવાસા ઓવરબ્રિજ હાલમાં વાહનચાલકો માટે માર્ગ નહીં પણ 'મૃત્યુનો પાસ અડ્ડો' બની ગયો છે. બ્રિજ પરથી ડામરનું પડ સંપૂર્ણપણે ગાયબ થઈ ગયું છે અને ચારેય તરફ માત્ર તીક્ષ્ણ કપચી અને કાંકરીઓનું સામ્રાજ્ય પથરાયેલું છે. તંત્રની ઘોર બેદરકારીના કારણે હજારો વાહનચાલકોના જીવ સતત તાળવે ચોંટેલા રહે છે.

રોડ પર ફેલાયેલી છૂટી કપચીના કારણે ખાસ કરીને ટુ-વ્હીલર (બાઈક અને સ્કૂટર) સવાર ચાલકો બ્રેક મારતાં જ સ્લિપ થઈ રહ્યા છે. નાના-મોટા અકસ્માતો અહીં નિત્યક્રમ બની ગયા છે.



રાત્રિના સમયે મોતનો ખેલ: રાતના અંધારામાં માર્ગ પર પથરાયેલી કાળી કપચી દેખાતી નથી, જેના કારણે અજાણ્યા વાહનચાલકો અચાનક કાબૂ ગુમાવી દે છે. અનેક વાહનચાલકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હોસ્પિટલ ભેગા થયા છે. જૂઠા તીક્ષ્ણ કાંકરીઓના કારણે દરરોજ સેંકડો વાહનોના ટાયર પંચર થઈ રહ્યા છે અથવા ફાટી જાય છે. આ બિસ્માર રસ્તાના લીધે સામાન્ય જનતાને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ માર્ગ ડભોઈ અને કરજણને જોડતી મુખ્ય જીવાદોરી સમાન છે. દરરોજ અહીંથી હજારો નાના-મોટા વાહનો પસાર થાય છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકો દ્વારા માર્ગ અને મકાન વિભાગ (R&B) તેમજ સ્થાનિક વહીવટી તંત્રને અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે.

હસવા જેવી બાબત એ છે કે, તંત્રના બહેરા કાન સુધી જનતાનો અવાજ પહોંચતો જ નથી. સ્થાનિકોમાં હવે રોષપૂર્વક ચર્ચા થઈ રહી છે કે, 'શું વહીવટી તંત્ર કોઈ મોટી જાનહાનિ કે ગંભીર દુર્ઘટના બને તેની રાહ જોઈ રહ્યું છે?' અધિકારીઓની આ નિંભરતા અને નીતિ-રીતિ સામે જનતામાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે. હવે જોવાનું એ રહે છે કે ઊંઘતું તંત્ર ક્યારે કુંભકર્ણની નિંદ્રામાંથી જાગે છે અને આ થરવાસા બ્રિજનું તાકીદે યુદ્ધના ધોરણે સમારકામ કરાવીને વાહનચાલકોને રાહત આપે છે!

## રક્ષાબંધનના દિવસે ગુમ થયેલા 16 વર્ષીય વનરાજની લાશ ઓડદરના ખારામાંથી મળી

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર ચોપાટી વિસ્તારમાં ફૂટપાથ પર રહેતા પરિવારના ૧૬ વર્ષીય કિશોર વનરાજ ઉર્ફે વની વેલજીભાઈ વાઘેલા રક્ષાબંધન ના દિવસે ગુમ થયા બાદ તેની લાશ ઓડદર ગામની પાણ જુસીના ખારામાંથી મળી આવતા ચકચાર મચી ગઈ છે. કિશોરની માતાએ જૂની અદાવત માં તેના પુત્રની હત્યા કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરી બે શખ્સો સામે ફરિયાદ નોંધાવવા પોલીસ સમક્ષ રજૂઆત કરી છે. ફરિયાદ મુજબ, તા.૨૮ ઓગસ્ટ ના રોજ રક્ષાબંધનના દિવસે સવારે વનરાજ તેના ભાઈના પુત્રો સાથે ચોપાટી વિસ્તારમાં હતો.

સાડા દસથી અગિયાર વાગ્યાના અરસામાં લાલુ ચના ભાઈ મશીયાવાના બે દિકરા અનિલ તથા રાહુલ અને તેમના કાકા રોહતસ ચનાભાઈ માશીયાવ જે ગુજરી ગયેલ છે તેનો દિકરો રોહીત એમ ત્રણેય ભાઈઓ ચોપાટી ખાતે તેમની બહેન વનીતા લાલુ માશીયાવા પાસે રાખડી બંધાવવા આવેલ હતા અને આ લાલુના દિકરા રાહુલ અને અનિલએ મારા દિકરા વનરાજને કહેલ કે ''વનુમામા અમારી પાસે બેસવા આ' જેથી મારો દિકરો વનરાજ આ ત્રણેય પાસે બેસવા ગયેલ અને બાદ લાલુની દિકરી વનીતાએ અનિલ, રાહુલ અને રોહિતને રાખડી બાંધેલ અને ત્યાં ફુટપાથ ઉપર અનિલ તથા રાહુલ અને રોહીતની સાથે મારો દિકરો વનરાજ બેસીને વાતો કરતો હતો અને છેલ્લે મેં લગભગ અગીયારેક વાગ્યે અનિલ તથા રાહુલ સાથે મારો દિકરો વનરાજ એસ.ટી .ના ફુવારા બાજુ જતો જોયેલ ત્યારથી તે પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી.

### ગુજરાતથી રાજસ્થાન સુધી ફેલાયેલું બોગસ LLB ડિગ્રીઓનું મોટું કૌભાંડ

## વકીલની સનદ લેવા કરી છેતરપિંડી, ગુજરાત બાર કાઉન્સિલની તપાસમાં ધડાકો;

ગાંધીનગર

ગુજરાત બાર કાઉન્સિલની તપાસમાં એક એવો સનસનાટીભર્યો ધડાકો થયો છે, જેણે આખા કાયદાકીય આલમ અને ન્યાયતંત્રના પાયા હચમચાવી દીધા છે. વકીલાતની અધિકૃત સનદ (Sanad) મેળવવા માટે બોગસ LLB (બેચલર ઓફ લો) ની ડિગ્રીઓ રજૂ કરીને કરવામાં આવેલી મોટી છેતરપિંડીનો પર્દાફાશ થયો છે. 'પાક્કો ગુજરાત'ના એક્સક્લૂસિવ રિપોર્ટ મુજબ, આ માત્ર કોઈ એક-બે




વ્યક્તિનું કૃત્ય નથી, પરંતુ ગુજરાતથી લઈને રાજસ્થાન સહિત અન્ય રાજ્યો સુધી ફેલાયેલું બોગસ ડિગ્રીઓનું એક બહુ મોટું કૌભાંડ છે. વકીલ તરીકે પ્રેક્ટિસ કરવા માટે ગુજરાત બાર કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવી સનદ મેળવવી ફરજિયાત હોય છે. તાજેતરમાં બાર કાઉન્સિલ દ્વારા હાથ ધરવામાં આવેલા દસ્તાવેજોના વેરિફિકેશન અને ઝીણવટભરી તપાસ દરમિયાન કેટલીક શંકાસ્પદ એલએલબી ડિગ્રીઓ ધ્યાને આવી હતી. સંબંધિત યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાં તેની ખરાઈ કરવામાં આવતાં જ મોટું કૌભાંડ સામે આવ્યું હતું. અનેક ઉમેદવારોએ બોગસ અને ગેરકાયદેસર ડિગ્રી સર્ટિફિકેટ્સના આધારે સનદ મેળવવાનો ખેલ રચ્યો હતો. તપાસનો દોર આગળ વધતાં માલૂમ પડ્યું છે કે આ બોગસ ડિગ્રી કૌભાંડના તાર માત્ર ગુજરાત પૂરતા સીમિત નથી, પરંતુ પાડોશી રાજ્ય રાજસ્થાન અને અન્ય પ્રદેશોની વિવાદિત તથા શંકાસ્પદ યુનિવર્સિટીઓ સાથે જોડાયેલા છે. બોગસ ડિગ્રીઓ આપતી ચોક્કસ ગેંગ અને એજન્ટોનું નેટવર્ક સક્રિય છે, જેઓ નાણાં લઈને કાગળ પર એલએલબીની ડિગ્રીઓ પધરાવી દેતા હતા. આ બોગસ કાગળોના આધારે કાયદાના જ્ઞાન વગરના લોકો કોર્ટના ઉંબરે વકીલ બનીને ઊભા રહી જવાની પેરવીમાં હતા.

## શિનોર APMC ચેરમેનની ધારાસભ્યને રજૂઆત: કપાસ અને અન્ય પાકોના વાવેતરનો દાખલો ગામમાંથી જ તલાટી પાસેથી આપવા માંગ

સાધલી, હસમુખ પટેલ

સરકાર દ્વારા ટેકાના ભાવે થતી ખરીદીમાં ઓનલાઇન રજીસ્ટ્રેશન માટે વાવેતર કર્યા બાબતે તલાટી ના દાખલા ની જરૂર પડે છે. હાલમાં તલાટીઓના કામની વહેંચણી કરાતાં આ દાખલા આપવાનું કામ મહેસુલી તલાટી પાસે હોય છે અને મહેસુલી તલાટી તાલુકા મથકે હોય છે, જેથી તાલુકાના ખેડૂતોને આ કામ માટે શિનોર ધક્કા ખાવા પડે છે, જેમાં ખેડૂતોનો સમય તથા ભાડું અને અન્ય ખર્ચ થતો હોવાથી આવા વાવેતર ના દાખલા જે તે ગ્રામ પંચાયત ખાતેના તલાટી દ્વારા અપાય તેવી વ્યવસ્થા કરવા બજાર સમિતિ ચેરમેન મુકેશ પટેલે ધારાસભ્ય અક્ષય પટેલને રજૂઆત કરેલ છે.

તદુપરાંત તેઓએ ધારાસભ્ય અક્ષય પટેલને રજૂઆત કરતાં જણાવેલ છે કે શિનોર તાલુકામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ વાર્ષિક ત્રણ હપ્તા ખેડૂત ખાતેદારના ખાતામાં જમા થાય છે.

પરંતુ ખેડૂતનું મૃત્યુ થાય તો તેના વારસદારોને આ યોજનાના નાણાં મેળવવા ઓનલાઈન પ્રક્રિયા કરવાની થતી હોય છે, અને આ યોજનાની ઓનલાઈન સાઈટ છેલ્લા ઘણા મહિનાથી બંધ છે ,તથા સાઈટમાં છેલ્લા છ વર્ષ દરમિયાનના મૃતકના વારસદારોનો કોઈ રેકોર્ડ બતાવતું નથી, જેથી ઘણા ખેડૂતો યોજનાઓ થી વંચિત રહેલા છે, જેથી આ બાબતે પણ આપણી કક્ષાથી યોગ્ય કરવા જણાવેલ છે.

## તંત્રી લેખ...


# "યુવાનો, ડરતા નહીં, અમે બેઠા છીએ!": કેશુબાપાનો એ વજપાત અને આજની યુવા પેઢી માટે આદર્શ માર્ગદર્શન

ગુજરાતના રાજકારણ અને સામાજિક જીવનમાં જેમના નામે એક આખો યુગ ઓળખાય છે, તેવા વડિલ તુલ્ય નેતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલ (કેશુબાપા) માત્ર એક રાજકીય પુરુષ નહોતા, પરંતુ સમાજની યુવા શક્તિના સાચા માર્ગદર્શક અને ઢાલ હતા. એક સમયે જાહેર સભાના મંચ પરથી ગરજતા અવાજે તેમણે સમાજના યુવાનોને સંબોધીને કહ્યું હતું: 'યુવાનો, તમે ડરતા નહીં, અમે બેઠા છીએ... આપણો અધિકાર લેવાની હિંમત રાખજો!'

કેશુબાપાના આ શબ્દો માત્ર એક નિવેદન નહોતા, પણ નિરાશ અને અન્યાય સામે લડતા યુવાનોના હૃદયમાં હિંમત અને ચેતનાનો સંચાર કરતી એક મહાશક્તિ હતા. આજે જ્યારે સમાજ બદલાઈ રહ્યો છે, ત્યારે કેશુબાપાના આ વિચારો આજની યુવા પેઢી માટે એક શ્રેષ્ઠ આદર્શ અને દિશાસૂચક બની રહ્યા છે.

૧. ભયમુક્ત યુવા શક્તિ અને આત્મસન્માનનો પાઠ

કેશુબાપા હંમેશા માનતા હતા કે યુવા વર્ગ જ સમાજની સાચી તાકાત છે. તેમણે યુવાનોને ક્યારેય અન્યાય કે શોષણ સામે માથું નમાવવાનું ન શીખવ્યું. 'અમે બેઠા છીએ' કહીને તેમણે યુવાનોને એક એવો છત્રછાયાનો અહેસાસ કરાવ્યો હતો, જેનાથી યુવાનોમાં પોતાના હક અને અધિકાર માટે લડવાની નિર્ભયતા આવી. આજે સમાજના યુવાનોએ પોતાની શક્તિ ઓળખીને સ્વાભિમાન સાથે આગળ વધવાની જરૂર છે.



૨. અધિકાર મેળવવા માટે સંગઠન અને હિંમત

પોતાના અધિકાર મેળવવા માટે માત્ર વાતો કરવાથી કંઈ થતું નથી; તેના માટે સંઘર્ષ અને હિંમતની જરૂર પડે છે. કેશુબાપાએ યુવાનોને શીખવ્યું કે અન્યાય સામે અવાજ ઉઠાવવો એ પાપ નથી, પણ પોતાનો હક જતો કરવો એ કાયરતા છે. તેમણે યુવાનોને એકજૂથ થઈને સમાજના ઉત્થાન માટે કાનૂની અને નૈતિક માર્ગે પોતાનો અધિકાર છીનવી લેવાની પણ પ્રેરણા આપી હતી.

૩. આજની યુવા પેઢી માટે કેશુબાપાના વિચારોનો સંદેશ

આજના સ્પર્ધાત્મક અને ક્યારેક અન્યાયી વાતાવરણમાં યુવાનો જ્યારે હતાશ થાય છે, ત્યારે કેશુબાપાનું જીવન અને તેમના વિચારો એક સિંહગર્જના સમાન માર્ગદર્શન પૂરું પાડે છે:

કુરીવાજો અને અન્યાય સામે લડાઈ: સમાજમાં વ્યાપેલા અન્યાય, ભ્રષ્ટાચાર કે કુરિવાજો સામે અવાજ ઉઠાવવાની હિંમત કેળવવી.

એકતા અને બંધુતા: સમાજના વડીલોનું સન્માન કરી યુવા શક્તિને સંગઠિત કરી સમાજહિતના કાર્યો કરવા.

આત્મનિર્ભરતા: પોતાના અધિકારો અને ક્ષમતા પર વિશ્વાસ રાખી સખત પરિશ્રમ કરવો.

નિષ્કર્ષ: સમાજમાં એક શ્રેષ્ઠ દાખલો બેસાડવાની તક

કેશુબાપાના એ ઐતિહાસિક શબ્દો આજે પણ હવાઓમાં ગુંજે છે. જો આજનો યુવાન ભય, આળસ અને નિરાશા છોડીને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થાય અને વડીલોના આશીર્વાદ સાથે સમાજના નિર્માણમાં જોડાય, તો એક સશક્ત, શિક્ષિત અને નિર્ભય સમાજનું નિર્માણ થઈ શકે છે. કેશુબાપાના આદર્શોને જીવનમાં ઉતારીને આગળ વધવું એ જ તેમને આપેલી સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# "પુસ્તક વાંચનારને મારવાનો કોઈને હક નથી!"

## વસ્ત્રાપુર ગાર્ડનમાં વાચકો પર કેસરી ખેસધારીઓનો હુમલો; સંસ્કાર અને કાયદાના રક્ષકો જ બન્યા ગુંડા?

અમદાવાદના પોશ ગણાતા અને બુદ્ધિજીવીઓની ચહલપહલથી ધમધમતા વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા AUDA ગાર્ડન ખાતે તાજેતરમાં બનેલી ઘટનાએ સમગ્ર ગુજરાતના શાંતિપ્રિય નાગરિકો, શિક્ષિત યુવાનો અને પુસ્તકપ્રેમીઓને ઊંડા આઘાતમાં સરી પાડ્યા છે. ૨૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ એક ખુલ્લા ઉદ્યાનમાં શાંતિપૂર્ણ રીતે ચાલતા 'ઓપન બુક રીડિંગ' (Open Book Reading) કાર્યક્રમ દરમિયાન કેટલાક કેસરી ખેસધારી અસામાજિક તત્વોએ જે અરાજકતા, ગુંડાગીરી અને ધમકીઓનું નગ્ન પ્રદર્શન કર્યું, તેણે કાયદાના શાસન અને વિચાર-સ્વાતંત્ર્ય સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ખડો કરી દીધો છે.

### ઘટનાની વિગતવાર હકીકત: અક્ષરો અને વિચારો સામે હિંસક ઉન્માદ

મળતી વિગતો મુજબ, યુવાનો અને પુસ્તકપ્રેમીઓનો એક સમૂહ કોઈ પણ જાતના રાજકીય કે ધાર્મિક પ્રચાર વગર, માત્ર સાહિત્યના પ્રેમમાં AUDA ગાર્ડનમાં એકત્ર થયો હતો. આ કોઈ વિરોધ પ્રદર્શન નહોતું, કોઈ સભા કે સરઘસ નહોતું. પરંતુ અચાનક હાથમાં કેસરી ખેસ ધારણ કરીને આવેલા ડઝનબંધ લોકોના ટોળાએ ત્યાં પહોંચીને વાચકો સાથે ઉગ્ર બોલાચાલી કરી, પુસ્તકો છીનવવાનો પ્રયાસ કર્યો અને વાચકોને ધમકાવીને ભગાડવાનો પ્રયત્ન કર્યો હતો.

ઘટનાસ્થળે હાજર એક પ્રત્યક્ષદર્શી અને સાચા પુસ્તકપ્રેમીએ પોતાના આક્રોશ અને દર્દ સાથે સણસણતો પ્રશ્ન ઉઠાવ્યો હતો:

'અમે 'આઈ એમ મલાલા', 'ધી ડાયરી ઓફ અ યંગ ગર્લ - એના ફ્રેન્ક' તેમજ શહીદ ભગતસિંહ જેવા વિશ્વવિખ્યાત લેખકો અને ક્રાંતિકારીઓના પુસ્તકો વાંચી રહ્યા હતા. આમાંથી એક પણ પુસ્તક પર ભારત સરકાર કે ગુજરાત સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી. જો બંધારણ અને કાયદો અમને આ વાંચવાની પૂર્ણ સ્વતંત્રતા આપે છે, તો કોઈ પણ સંગઠનને અમારો રસ્તો રોકવાનો, અમને અટકાવવાનો કે અમારા પર હાથ ઉપાડવાનો અધિકાર કોણે આપ્યો?'

### ભગતસિંહ, એના ફ્રેન્ક અને મલાલાના વિચારોથી ડર કોને?

આ ઘટના માત્ર એક ઉદ્યાનમાં થયેલી બબાલ નથી, પરંતુ સમાજમાં વ્યાપી રહેલી વૈચારિક સંકુચિતતાનું એક ખૌફનાક ઉદાહરણ છે:

વિચાર-સ્વાતંત્ર્ય પર પ્રહાર: જે દેશમાં શહીદ ભગતસિંહે જેલમાંથી પણ પુસ્તકો વાંચીને ક્રાંતિની મશાલ પ્રગટાવી હતી, તે જ ભૂમિ પર આજે ભગતસિંહના પુસ્તકો વાંચવા બદલ યુવાનોને ગુંડાગીરીનો ભોગ બનવું પડે છે.

ગુંડાગીરી સામે મૌન કેમ?: જો કોઈપણ પુસ્તકથી કોઈને વાંધો હોય તો કાનૂની માર્ગ ખુલ્લો છે. પરંતુ કાયદો હાથમાં લઈને નાગરિકો પર પોતાનો અસંવિધાનિક આદેશ થોપવો અને હિંસક મોહરો બતાવવો એ કોઈ પણ સભ્ય સમાજ માટે લાલબત્તી સમાન છે.

### પાક્કો ગુજરાત ન્યૂઝનો ખુલ્લો સંદેશ: જાગો નાગરિકો, શબ્દોની ક્રાંતિ મરવા ન દો!

જ્યારે દેશના સાંસ્કૃતિક પાટનગર ગણાતા અમદાવાદ શહેરમાં પુસ્તક વાંચવા બદલ હાથ ઉપાડવામાં આવે, ત્યારે મૌન રહેવું એ પણ એક ગુનો બને છે. 'પાક્કો ગુજરાત' તમામ વાચકો, વાલીઓ, શિક્ષકો અને જાગૃત નાગરિકોને આહ્વાન કરે છે: ૧. સંવિધાનિક અધિકારોની રક્ષા કરો: ભારતીય બંધારણની કલમ ૧૯ હેઠળ દરેક નાગરિકને વિચાર, અભિવ્યક્તિ અને વાંચનની સ્વતંત્રતા છે. કોઈ પણ ટોળકી કે સંગઠન કાયદાથી ઉપર નથી. ૨. ડર્યા વગર વાંચન ચાલુ રાખો: ગુંડાતત્વોનો હેતુ ભય ફેલાવવાનો છે. તેનો શ્રેષ્ઠ જવાબ એ જ છે કે યુવાનો વધુમાં વધુ પુસ્તકો વાંચે, જ્ઞાન મેળવે અને વૈચારિક રીતે વધુ સમૃદ્ધ બને. ૩. ગુંડાતત્વો સામે એકજુટતા: કાયદાનું પાલન કરાવતી પોલીસ અને પ્રશાસન સામે માંગ કરો કે જાહેર સ્થળો પર કાયદો હાથમાં લેનારા આવા અસામાજિક તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. જ્યાં સુધી પુસ્તકો વંચાશે, ત્યાં સુધી સત્ય, ક્રાંતિ અને ચેતના જીવંત રહેશે. શબ્દોના આ સમંદરને હિંસાના કોઈ વંટોળથી રોકી શકાશે નહીં!

# સત્તાના અહંકાર સામે યુવાશક્તિનો વિજય: અભિજીત દીપકે અને CJPએ સરકારને ઝુકવા મજબૂર કરી!

શરૂઆતમાં જ્યારે એક સામાન્ય યુવાન આંદોલનના મેદાનમાં ઊતર્યો, ત્યારે દિલ્હીના રાજકીય ગલિયારા અને અનેક વિશ્લેષકો એવું જ વિચારતા હતા કે 'આનાથી કંઈ નહીં થાય, આ બે-ચાર દિવસમાં ફસકી જશે.' પણ જે રીતે એણે લડત આપી, એરપોર્ટ પરથી લઈને જંતર-મંતર સુધી ટકી રહ્યો, એણે સાબિત કરી દીધું કે 'બંદામાં દમ તો છે જ!'

એરપોર્ટ પર દિલ્હી પોલીસની કાયદાકીય જાળ અને હિંમતપૂર્વક બચાવ

ઘણા લોકોને એ સવાલ સતત મૂંઝવતો હતો કે, દિલ્હી પોલીસ સામે ચાલીને એરપોર્ટ પર આંદોલનની પરમિશન આપવા કેમ ગઈ હતી? એનો જવાબ હવે સ્પષ્ટ થઈ ગયો છે. દિલ્હી પોલીસ કોઈ સહાનુભૂતિથી પરમિશન આપવા નહોતી ગઈ, પણ કાયદાકીય સંકંજા અને કાગળિયાની જાળમાં ફસાવીને આંદોલનને કચડી નાખવાની ગણતરી હતી. પરંતુ અભિજીતે પોતાની ચતુર બુદ્ધિ અને અપ્રતિમ હિંમતથી એ દાવ ઊંધો પાડી દીધો અને ત્યાંથી બચીને સીધો જંતર-મંતર પર યુવાનોની અવાજ બનીને ઊભો રહી ગયો.



સત્તાની કબર ખોદતી CJPની ક્રમિક જીત

કોકરોચ જનતા પાર્ટી (CJP)એ શરૂ કરેલી આ લડાઈ માત્ર એક વિરોધ નહોતો, પરંતુ સત્તા પર બેઠેલા આકાઓ સામેનું એક બળવો હતો:

ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું: CJPએ સૌથી પહેલાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી હતી. સરકારે શરૂઆતમાં મચક ન આપી, પણ આખરે જન આક્રોશ આગળ ઝૂકીને રાજીનામું લેવું જ પડ્યું.

કેસ પાછા ખેંચવા અને સુપ્રીમ કોર્ટનો નિર્ણય: જ્યારે સરકાર વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર દાખલ કરેલી FIR પાછી ખેંચવામાં આઘીપાછી થતી હતી, ત્યારે CJPએ ફરીથી દેશવ્યાપી આંદોલનની ચીમકી આપી. પરિણામે, સુપ્રીમ કોર્ટે પણ કડક વલણ અપનાવીને એફ.આઈ.આર. રદ કરવા અને રાહત આપવાનો માર્ગ પ્રશસ્ત કર્યો.

'સ્કૂલ ઠીક કરો' અભિયાન: CJPએ જ્યારે શિક્ષણ વ્યવસ્થા સુધારવા માટે 'સ્કૂલ ઠીક કરો' અભિયાન શરૂ કર્યું, ત્યારે સ્થાનિક ગુંડાઓ અને અસામાજિક તત્વો પાસે હુમલા કરાવવામાં આવ્યા, વિરોધ થયો અને રસ્તામાં તમામ રોડાં અટકાવવામાં આવ્યા. છતાંય ઝૂક્યા વિના અભિયાન ચાલુ રહ્યું અને આખરે લાચાર સરકારી તંત્રએ જ સ્કૂલો ઠીક કરવાનું કામ હાથમાં લેવું પડ્યું!

### જીત યુવાશક્તિની, છતાં ભાજપનો ફોકટનો હરખ!

કોકરોચ જનતા પાર્ટીની એક-એક માંગણી પૂરી થઈ. તેમણે જે જે કહી બતાવ્યું હતું, તે પૂરું કરીને જ દંપતી સીનમાંથી બહાર નીકળ્યા. સરકારી સિસ્ટમ અને અહંકારી રાજકારણીઓને કાન પકડીને ઝુકાવ્યા પછી પણ, ભાજપના નેતાઓ એવો દેખાવ કરી રહ્યા છે જાણે જીત એમની થઈ હોય! પરંતુ દેશની જનતા અને ગુજરાતનો યુવાન બધું જોઈ રહ્યો છે. જીત અહંકારની નથી, સત્ય અને ટકી રહેનારા યુવાનીની થઈ છે!

# અલ્હાબાદ હાઈકોર્ટે રાહુલ ગાંધીની નાગરિકતાને પડકારતી અરજી ફગાવી, નક્કર પુરાવાના અભાવે કોર્ટે લીધો મહત્વનો નિર્ણય

લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીની ભારતીય નાગરિકતા રદ કરવાની માંગ કરતી જનહિત અરજી (PIL)ને અલ્હાબાદ હાઈકોર્ટે ફગાવી દીધી છે. અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે સ્પષ્ટ કર્યું છે કે અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલા દાવાઓ અને કાગળો કાનૂની રીતે ગ્રાહ્ય રાખવા માટે અપૂરતા છે અને નક્કર પુરાવાના અભાવે આ અરજી ટકી શકે તેમ નથી.

### બ્રિટિશ નાગરિકતા હોવાના આક્ષેપ સાથે દાખલ કરાઈ હતી અરજી

કર્નાટકના ભાજપ કાર્યકર્તા એસ. વિગ્નેશ શિશિર દ્વારા અલ્હાબાદ હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે રાહુલ ગાંધી પાસે યુનાઈટેડ કિંગડમ (બ્રિટન)ની નાગરિકતા છે. અરજદારે એવો આક્ષેપ કર્યો હતો કે બ્રિટનમાં નોંધાયેલી 'બેકઓપ્સ લિમિટેડ' નામની કંપનીના દસ્તાવેજોમાં રાહુલ ગાંધીને બ્રિટિશ નાગરિક દર્શાવવામાં આવ્યા છે, તેથી ભારતીય નાગરિકતા અધિનિયમ મુજબ તેમની ભારતીય નાગરિકતા રદ થવી જોઈએ.

### કોર્ટે શું અવલોકન કર્યું?

અલ્હાબાદ હાઈકોર્ટની જસ્ટિસ રાજન રોય અને જસ્ટિસ ઓમપ્રકાશ શુક્લાની ડિવિઝન બેંચે આ મામલે સુનાવણી કરતા જણાવ્યું હતું કે:

અરજદારે રજૂ કરેલા દસ્તાવેજોની અધિકૃતતા સાબિત થતી નથી.

કાનૂની પ્રક્રિયા વિના માત્ર આક્ષેપો કે અપ્રમાણિત કાગળોના આધારે બંધારણીય પદ ધરાવતી વ્યક્તિની નાગરિકતા પર પ્રશ્નાર્થ ચિહ્ન લગાવી શકાય નહીં.

અગાઉ ગૃહ મંત્રાલયમાં પણ આ બાબતે રજૂઆતો થયેલી હોવાથી અને સક્ષમ તંત્ર સમક્ષ નિર્ણય પેન્ડિંગ હોવાથી આ અરજી પર હાઈકોર્ટ દ્વારા કોઈ આદેશ આપવો યોગ્ય નથી.

કોંગ્રેસ કેમ્પમાં રાહતનો શ્વાસ, 'સત્યમેવ જયતે'ના નારા

હાઈકોર્ટના આ નિર્ણય બાદ કોંગ્રેસ પક્ષમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો છે. પક્ષના નેતાઓએ આ નિર્ણયને સત્યની જીત ગણાવતા 'સત્યમેવ જયતે'ના નારા લગાવ્યા હતા. કોંગ્રેસ પ્રવક્તાઓનું કહેવું છે કે રાહુલ ગાંધીની છબી ખરડવા અને રાજકીય રીતે ઘેરવા માટે વારંવાર આવા નિરાધાર આક્ષેપો કરવામાં આવે છે, પરંતુ ન્યાયતંત્રએ ફરી એકવાર દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દીધું છે.

# દિલ્હી જલ બોર્ડ કેસમાં સત્યેન્દ્ર જૈનને જામીન

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે ગુરુવારે દિલ્હી જલ બોર્ડ સાથે સંકળાયેલા ભ્રષ્ટાચારના કેસમાં આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનને જામીન આપ્યા. આ કેસ તે સમયનો છે, જ્યારે જૈન દિલ્હીના જળ મંત્રી હતા. કોર્ટે જૈનને 2 લાખ રૂપિયાના અંગત બોન્ડ અને તેટલી જ રકમના બે જામીનદાર આપવાનો નિર્દેશ આપ્યો. જૈનની 18 ઓગસ્ટે ધરપકડ કરવામાં આવી હતી. યુરોટેક કંપનીને ટેન્ડર આપવાનો મામલો આ મામલો એમએસ યુરોટેક એન્વાયર્નમેન્ટલ પ્રાઈવેટ લિમિટેડને આપવામાં આવેલા એક ટેન્ડર સાથે સંબંધિત છે. ટેન્ડર દિલ્હી જલ બોર્ડના સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (STPs)ની ક્ષમતા વધારવા અને તેમને અપગ્રેડ કરવા માટે હતું. ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB)એ આરોપ લગાવ્યો હતો કે ટેન્ડરની શરતોમાં હેરાફેરી કરવામાં આવી હતી. ટેન્ડર પ્રક્રિયાને જાણી જોઈને ટેકનિક-કેન્દ્રિત બનાવવામાં આવી હતી, જેથી યુરોટેક એન્વાયર્નમેન્ટલને ફાયદો મળી શકે. ACB મુજબ, જૈને ટેકનિકલ શક્યતા અભ્યાસ વિના રોહિણી સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા 15 મિલિયન ગેલન પ્રતિદિન (mgd)થી વધારીને 30 mgd કરી દીધી.

# અયોધ્યા વિવાદ વચ્ચે પુરી જગન્નાથ મંદિર તંત્રનો મોટો ધડાકો

## બેંકમાં ₹1,912 કરોડનું તોતિંગ બેલેન્સ, પારદર્શિતાનો આપ્યો દાખલો!

અયોધ્યાના રામ મંદિરમાં દાન અને નાણાકીય ગેરરીતિઓના આક્ષેપોને લઈને દેશભરમાં ચર્ચા જાગી છે, ત્યારે વિશ્વપ્રસિદ્ધ પુરીના શ્રી જગન્નાથ ટેમ્પલ એડમિનિસ્ટ્રેશન (SJTA) દ્વારા મંદિરના નાણાકીય બેલેન્સને લઈને ચોંકાવનારી અને પારદર્શક વિગતો જાહેર કરવામાં આવી છે. તંત્ર દ્વારા સત્તાવાર રીતે જણાવવામાં આવ્યું છે કે પુરી શ્રી જગન્નાથ મંદિરનું હાલનું બેંક બેલેન્સ આશરે ૧,૯૧૨ કરોડ જેટલું માતબર છે. ચોરી અને અફવાઓ પછી તંત્ર હરકતમાં: ચુસ્ત હિસાબ અને રોજિંદુ ઓડિટ. મંદિરમાં ભૂતકાળમાં થયેલી ગેરરીતિઓ કે ચોરીના કિસ્સાઓ અને તાજેતરના વિવાદો બાદ જગ્યા પર વિગતો આપતાં SJTA એ સ્પષ્ટ કર્યું છે કે હવે મંદિરનું તમામ વહીવટી માળખું અત્યંત વ્યવસ્થિત અને કડક ઓડિટ પ્રક્રિયા હેઠળ ચલાવવામાં આવે છે. રોજેરોજ દાનની ગણતરી: શ્રીમંદિરની હૂંડી (દાનપેટી)માં આવતા રોકડ દાનની ગણતરી દરરોજ સાંજ સુધીમાં પૂર્ણ કરીને તેની વિગતો જાહેર કરવામાં આવે છે. ડિજિટલ દાનનો ટ્રેન્ડ: જુલાઈ મહિનામાં લોન્ચ કરવામાં આવેલા સત્તાવાર ડિજિટલ ડોનેશન પ્લેટફોર્મ 'સમર્પણ' દ્વારા ભક્તોએ અત્યાર સુધીમાં ૫૬.૭ લાખનું ઓનલાઈન દાન અર્પણ કર્યું છે.

ક્યાંથી થાય છે કરોડો રૂપિયાની આવક?

જગન્નાથ મંદિર તંત્રની આવકના સ્ત્રોત અને તેની ફંડ મેનેજમેન્ટ સિસ્ટમ પણ અત્યંત મજબૂત બનાવવામાં આવી છે. મંદિરની કમાણી મુખ્યત્વે ભક્તો દ્વારા અર્પણ કરાતા દાન-ભેટસોગાદો, વિશાળ ફિક્સ ડિપોઝિટ (FD) પર મળતું વ્યાજ, મંદિર હસ્તકની જમીનોના વહીવટી વ્યવહારો તેમજ સરકારી ગ્રાન્ટમાંથી થાય છે. આ આવકનો એક મોટો હિસ્સા 'કોર્પસ ફંડ' અને 'ફાઉન્ડેશન ફંડ' તરીકે સુરક્ષિત રાખવામાં આવે છે, જેથી ભવિષ્યમાં મંદિરની વ્યવસ્થાઓ અને વિકાસ કાર્યો માટે નાણાકીય કટોકટી ઊભી ન થાય. રામ મંદિરના દાન વિવાદ વચ્ચે પુરી જગન્નાથ તંત્રનો આ પારદર્શક હિસાબ અન્ય ધાર્મિક ટ્રસ્ટો માટે પણ એક મજબૂત દાખલો સાબિત થઈ રહ્યો છે.

# 'લડીએ છીએ ભાજપ સામે, પણ ફાયદો થાય છે ભાજપને જ': AIMIM પ્રવક્તા આસીમ વકારની કબૂલાતે દેશના રાજકારણમાં મચાવ્યો ભૂકંપ

અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIM (ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન)ના રાષ્ટ્રીય પ્રવક્તા આસીમ વકારના એક અત્યંત ચોંકાવનારા અને વિવાદિત નિવેદને દેશના રાજકારણમાં મોટો ધડાકો કર્યો છે. આસીમ વકારે જાહેર મંચ પરથી સીધું અને સણસણતું સત્ય સ્વીકારતા કહી દીધું છે કે, તેમની પાર્ટી દાવાઓ તો ભાજપ સામે લડવાના કરે છે, પરંતુ તેમની રાજકીય લડાઈનો સીધો અને મોટો ફાયદો આખરે ભાજપને જ પહોંચે છે. AIMIMના જ પોતાના સિનિયર નેતાના આ નિવેદન બાદ વિપક્ષી ખેમામાં સન્નાટો વ્યાપી ગયો છે. 'અમે ભાજપની 'B' ટીમ છીએ?': વકારની આત્મસ્વીકૃતિથી સવાલો ઘેરાયા લાંબા સમયથી કોંગ્રેસ સહિત દેશના તમામ પ્રાદેશિક વિપક્ષી પક્ષો આરોપ લગાવતા આવ્યા છે કે, AIMIM એ ભાજપની 'B' ટીમ તરીકે કામ કરે છે અને ચૂંટણીઓમાં મુસ્લિમ મતોનું વિભાજન કરીને ભાજપની જીતનો માર્ગ સરળ બનાવે છે. અત્યાર સુધી ઓવૈસી અને તેમની પાર્ટી આ આરોપોને ફગાવતી આવી હતી. પરંતુ હવે ખુદ રાષ્ટ્રીય પ્રવક્તા આસીમ વકારની આ ઓન-કેમેરા કબૂલાતે સાબિત કરી દીધું છે કે વિપક્ષના આરોપો પાયાવિહોણા નહોતા. આવું બીજું કોણ કરી રહ્યું છે? ભારતીય રાજકારણનું કડવું સત્ય આસીમ વકારના આ નિવેદન બાદ હવે રાજકીય વિશ્લેષકો અને જનતામાં એ સવાલ જોરશોરથી ઉઠી રહ્યો છે કે: 'આવું બીજું કોણ કરી રહ્યું છે?' ભારતીય રાજકારણના ઈતિહાસ અને હાલની સ્થિતિ પર નજર કરીએ તો, ચૂંટણી સમયે 'વોટ કાટુ' (મતો તોડનારા) પક્ષોની ભૂમિકા હંમેશાં શંકાસ્પદ રહી છે: વોટ બેંક વિભાજનનું ગણિત: જ્યારે પણ ચૂંટણીઓ આવે છે, ત્યારે કેટલીક નાની અને ક્ષેત્રીય પાર્ટીઓ એવા વિસ્તારોમાં પોતાના ઉમેદવારો ઊભા રાખે છે જ્યાં વિપક્ષ મજબૂત સ્થિતિમાં હોય. આ પાર્ટીઓ ભાજપ વિરોધી કે ચોક્કસ સમુદાયના મતો કાપી લે છે, જેના કારણે મૂળ વિપક્ષી ઉમેદવાર હારી જાય છે અને ભાજપ સહેલાઈથી જીતી જાય છે. પ્રાદેશિક પક્ષોનું બેવડું વલણ: બિહાર, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને બંગાળ જેવા રાજ્યોમાં આવી કેટલીક પાર્ટીઓ સીધી કે આડકતરી રીતે વિપક્ષી એકતામાં સેંધ મારીને પરદા પાછળથી સત્તાધારી પક્ષને ફાયદો પહોંચાડતી હોવાના આરોપો વારંવાર લાગતા રહ્યા છે. પાક્કો ગુજરાતનો સવાલ: શું આ માત્ર અજાણતા થતી ભૂલ છે કે પૂર્વાયોજિત સ્ક્રિપ્ટ? આસીમ વકારનું આ નિવેદન માત્ર એક પાર્ટી પૂરતું સીમિત નથી, પરંતુ દેશની લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ખડો કરે છે. શું ભાજપ સામે લડવાનો દાવો કરતા પક્ષો ખરેખર વિચારધારાની લડાઈ લડી રહ્યા છે, કે પછી કોઈ મોટા રાજકીય ષડયંત્રના ભાગરૂપે જનતાના મતોનું વિભાજન કરીને સત્તાધારી પક્ષની ઝોળીમાં બેઠકો સરી પડે તેવો ખેલ રમી રહ્યા છે?

# '4 વર્ષનું લગ્નજીવન અને 15 કરોડની કમાણી!'

## સોશિયલ મીડિયા પર મહિલાના વિવાદાસ્પદ છૂટાછેડાનો કિસ્સો વાયરલ, લોકોએ કહ્યું: "આને કહેવાય સ્માર્ટ ઇન્વેસ્ટમેન્ટ!"

સોશિયલ મીડિયાના યુગમાં દરરોજ અવનવા અને ચોંકાવનારા કિસ્સાઓ સામે આવતા હોય છે, પરંતુ તાજેતરમાં વાયરલ થયેલી એક સોશિયલ મીડિયા પોસ્ટે નેટીઝન્સ અને સમાજમાં ભારે ચર્ચા અને આક્રોશ જગાવ્યો છે. એક મહિલાના બે વિવાદાસ્પદ છૂટાછેડા અને તેના બદલામાં મળેલી માતબર રકમના આંકડા જોઈને લોકો દંગ રહી ગયા છે. માત્ર ૪ વર્ષના ટૂંકા લગ્નજીવનમાં કરોડો રૂપિયાનું વળતર મેળવનાર આ મહિલાના કિસ્સાને લોકો સોશિયલ મીડિયા પર આકરા કટાક્ષ સાથે 'સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ' કહી રહ્યા છે. પ્રથમ પતિ પાસેથી ૨૦ લાખ અને બીજા અમીર પતિ પાસેથી ૧૫ કરોડનો 'જેકપોટ' વાયરલ પોસ્ટમાં કરવામાં આવેલા દાવા મુજબ, આ મહિલાએ પોતાના પ્રથમ લગ્નજીવનનો અંત લાવતી વખતે પ્રથમ પતિ પાસેથી એલિમની (છૂટાછેડાનું વળતર) પેટે ૨૦ લાખ વસૂલ કર્યા હતા. ત્યારબાદ મહિલાએ એક અત્યંત શ્રીમંત (અમીર) વ્યક્તિ સાથે બીજા લગ્ન કર્યા હતા. જોકે, આ બીજા લગ્ન પણ ઝાઝો સમય ટકી શક્યા નહીં અને ટૂંક સમયમાં જ છૂટાછેડાની નોબત આવી હતી. પરંતુ આ વખતે બીજા પતિ સાથેના ભરણપોષણ અને સેટલમેન્ટ પેટે મહિલાને રોકડ રકમ, એક લક્ઝુરિયસ ફ્લેટ અને મોંઘી કાર મળીને કુલ ૧૫ કરોડ જેટલી માતબર સંપત્તિ મળી હતી! લોકોનો કટાક્ષ: 'લગ્ન કે બિઝનેસ મોડેલ?' માત્ર ૪ વર્ષ જેટલા ટૂંકા સમયગાળાના લગ્નજીવનમાં કુલ ૧૫ કરોડથી વધુની કમાણી કરી લેવાના આ કિસ્સાએ ઈન્ટરનેટ પર વિવાદનો મધપૂડો છીંછેર્યો છે. સોશિયલ મીડિયા યુઝર્સ આ પોસ્ટ પર તીખી પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે: સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ કે લીગલ લૂંટ? લોકો કટાક્ષ કરતા લખી રહ્યા છે કે શેરબજાર કે રિયલ એસ્ટેટમાં પણ ૪ વર્ષમાં આટલું મસમોટું વળતર નથી મળતું જેટલું આ 'સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ'માં મળ્યું છે! લગ્ન સંસ્થાના પતન પર સવાલો: અનેક નેટીઝન્સે ચિંતા વ્યક્ત કરી છે કે પવિત્ર ગણાતા લગ્ન જેવા સંબંધો હવે કેટલાક લોકો માટે માત્ર પૈસા પડાવવાનું અને આસાનીથી કરોડપતિ બની જવાનું 'બિઝનેસ મોડેલ' બની ગયા છે. કાયદાના દુરુપયોગની ચર્ચા: પુરુષોના હક્કો માટે લડતા સંગઠનો અને યુઝર્સ દાવો કરી રહ્યા છે કે છૂટાછેડા અને ભરણપોષણના કાયદાઓનો આવો દુરુપયોગ નિર્દોષ અને પૈસાદાર પુરુષોને આર્થિક રીતે બરબાદ કરી રહ્યો છે.



### જીવના જોખમે શિક્ષણ મેળવવાની મજબુર

# કદવાલના ઝરી ગામની પ્રાથમિક શાળાના 125 બાળકો, ધો. 1થી 5 જર્જરિત ઓરડામાં ભણતા બાળકો




**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર જિલ્લાના નવરચિત કદવાલ તાલુકાના ઝરી ગામમાંથી શિક્ષણ વ્યવસ્થાને લઈને ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. ઝરી ગામની ધોરણ 1થી 5ની પ્રાથમિક શાળાના ઓરડા વર્ષો જૂના અને જર્જરિત હાલતમાં છે. ચોમાસા દરમિયાન ઓરડામાં પાણી ટપકે છે અને બાળકો બેસી શકે તેવી સ્થિતિ પણ નથી. તેમ છતાં બાળકોને આ જ જર્જરિત ઓરડામાં બેસાડીને અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે.

બીજી તરફ શાળાના અન્ય ઓરડા ગામથી આશરે એક કિલોમીટર દૂર આવેલા હોવાથી બાળકોને અભ્યાસ અને મધ્યાહન ભોજન માટે વારંવાર એક કિલોમીટરનું અંતર કાપવું પડે છે. જેના કારણે બાળકોનો અભ્યાસનો સમય પણ બગડી રહ્યો છે. કદવાલ તાલુકાના ઝરી ગામની પ્રાથમિક શાળાની આ તસવીરો શિક્ષણ વ્યવસ્થાની વાસ્તવિક સ્થિતિ દર્શાવે છે. અહીં ધોરણ 1થી 5ના બાળકો અભ્યાસ કરે છે, પરંતુ શાળાના જૂના પતરાવાળા ઓરડા જર્જરિત બની ગયા છે. આ ઓરડા આશરે 70 વર્ષ જૂના હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. ચોમાસામાં છતમાંથી પાણી ટપકતું હોવાથી બાળકોને બેસાડવામાં પણ મુશ્કેલી પડે છે. ઓરડાની સ્થિતિ જોખમી હોવા છતાં શિક્ષકો બાળકોને અહીં જ ભણાવવા મજબૂર બન્યા છે. શાળાના બીજા ઓરડા ગામથી આશરે એક કિલોમીટર દૂર આવેલા છે. જ્યારે મધ્યાહન ભોજન માટેનું રસોડું પણ ગામમાં આવેલી પ્રાથમિક શાળાના ઓરડાના કમ્પાઉન્ડમાં છે. પરિણામે બાળકોને ભોજન માટે પણ એક કિલોમીટર દૂર લઈ જવા પડે છે અને ત્યારબાદ પરત શાળાએ લાવવા પડે છે. બાળકોને વારંવાર એક કિલોમીટર આવવા-જવામાં સમય પસાર થતો હોવાથી તેમના અભ્યાસ પર પણ અસર પડી રહી છે. શિક્ષકો માટે પણ બાળકોની અવરજવર કરાવવી મુશ્કેલ બની રહી છે. ગ્રામજનોનું કહેવું છે કે ઝરી ગામમાં નવી પ્રાથમિક શાળાના ઓરડા બનાવવા માટે યોગ્ય સરકારી જમીન ઉપલબ્ધ કરાવવામાં આવે તો આ સમસ્યાનું કાયમી નિરાકરણ આવી શકે છે. એક તરફ સરકાર દ્વારા વિકસિત ગુજરાત અને ગુણવત્તાયુક્ત શિક્ષણની વાત કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ ઝરી ગામના બાળકો જર્જરિત ઓરડામાં બેસીને શિક્ષણ મેળવવા મજબૂર બન્યા છે.

# ચૂંટણી વિભાગમાંથી બોલતા હોવાનું કહી સાણંદના 63 વર્ષીય શખ્સ સાથે SIRના નામે સાયબર ઠગાઈ

**અમદાવાદ, સમીર પટેલ**

સાણંદના શેલા વિસ્તારમાં રહેતા 63 વર્ષીય શખ્સને ચૂંટણી વિભાગમાંથી ફોન કરતો હોવાનું જણાવી SIR પ્રક્રિયામાં નામ સુધારવાના બહાને વિશ્વાસમાં લીધા બાદ મોબાઈલ હેક કરી બે ક્રેડિટ કાર્ડમાંથી કુલ 10.39 લાખની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી લેતાં ચકચાર મચી છે.

ગઠિયાએ ફોન કરી પોતે ચૂંટણી વિભાગમાંથી બોલતો હોવાનું જણાવ્યું હતું. SIR પ્રક્રિયામાં પત્નીના પિતાનું નામ મેચ થતું ન હોવાનું કહી ફરિયાદી અને પરિવારની વિગતો મેળવી વિશ્વાસ કેળવ્યો હતો. બાદમાં અન્ય અજાણ્યા નંબર પરથી ફોન આવતા જ ફરિયાદીનો મોબાઈલ હેંગ થઈ સ્ક્રીન બ્લેક થઈ ગઈ હતી.

આ દરમિયાન બે અલગ અલગ બેંક ખાતામાંથી કુલ 10,39,503.46ની રકમ અલગ-અલગ ઓનલાઈન ટ્રાન્ઝેક્શનથી ઉપડી ગઈ હતી. ફરિયાદીના જણાવ્યા મુજબ તેમણે ન તો કોઈ OTP આપ્યો હતો, ન કોઈ લિંક ખોલી કે એપ્લિકેશન ઈન્સ્ટોલ કરી હતી. મોબાઈલમાં આવેલા ટ્રાન્ઝેક્શનના મેસેજથી છેતરપિંડીની જાણ થતાં તેમણે બંને બેંકોના ક્રેડિટ કાર્ડ બ્લોક કરાવ્યા હતા અને સાયબર હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. આ મામલે શ્રીકાંત સહિતના અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે મોબાઈલ હેકિંગ તથા ટ્રાન્ઝેક્શનની રકમ ક્યાં ટ્રાન્સફર થઈ તે અંગે તપાસ હાથ ધરી છે.

# માતા-બાળ મરણ અટકાવવા કવાંટમાં એક દિવસીય વર્કશોપ યોજાયો

## સંસ્થાકીય પ્રસૂતિને પ્રોત્સાહન, સિકલસેલ-એનિમિયા નિવારણ અને સરકારી આરોગ્ય યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડવા આહવાન

**કવાંટ, ઇમરાન મિર્ઝા**

જિલ્લા પંચાયત આરોગ્ય શાખા, છોટાઉદેપુર અંતર્ગત તાલુકા હેલ્થ કચેરી, કવાંટ તથા દિશા ડોન બોસ્કો, કવાંટના સંયુક્ત ઉપક્રમે માતા મરણ અને બાળ મરણ અટકાવવાના હેતુથી એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પાઉલ વસાવા સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન તાલુકા પંચાયત કવાંટના પ્રમુખશ્રી તેજલબેન રાઠવા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પાઉલ વસાવા સાહેબ તથા જિલ્લા RCHO ડૉ. મુકેશ પટેલ સાહેબની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશોપ દરમિયાન "ઘરે સુવાવડની પ્રથા બંધ કરી સંસ્થાકીય



સુવાવડ તરફ આગળ વધીએ" તે અંગે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. કવાંટ તાલુકો એસ્પિરેશનલ તાલુકો હોવાથી આરોગ્ય ચેતના ઉત્સવ અંતર્ગત સિકલસેલ, એનિમિયા, માતા મરણ અને બાળ મરણ ઘટાડવા તેમજ સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માતા અને બાળ મરણ પાછળ જવાબદાર પરિબળો જેવા કે અપૂરતું પોષણ, શિક્ષણ અને આરોગ્ય અંગેની સમજણનો અભાવ, બાળકને પૂરતું ધાવણ ન મળવું, પીવાના પાણીની અપૂરતી સુવિધા તેમજ નાની ઉંમરે લગ્ન સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. માતા અને બાળકને સમયસર યોગ્ય આરોગ્ય સેવા અને પોષણ મળે તથા સરકારી યોજનાઓનો મહત્તમ લાભ મળે તે માટે સૌને સહભાગી બનવા ખાસ આહવાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડોન બોસ્કો હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનું લેબ ટેસ્ટ, આરોગ્ય સ્ક્રિનિંગ તથા હેલ્થ ચેકઅપ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા પંચાયત કવાંટના પ્રમુખશ્રી તેજલબેન રાઠવા, ઉપપ્રમુખશ્રી શૈલેષભાઈ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પાઉલ વસાવા, જિલ્લા RCHO ડૉ. મુકેશ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પઠાણ સાહેબ, તાલુકા તથા જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, કવાંટ તાલુકાના સરપંચશ્રીઓ, દાયણ બહેનો, આશા બહેનો, તબીબો, સુપરવાઈઝરો, સિકલસેલ કાઉન્સેલરો, લેબ ટેકનિશિયન, ફાર્માસિસ્ટ સહિત આરોગ્ય વિભાગનો સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

# કવાંટમાં LCBનો સપાટો! કેળાંની આડમાં દારૂની મોટી હેરાફેરીનો પર્દાફાશ : ₹19.93 લાખનો મુદ્દામાલ જપ્ત

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

જિલ્લામાં દારૂબંધીના કાયદાનો કડક અમલ કરવા પોલીસ દ્વારા ચાલી રહેલી કાર્યવાહી વચ્ચે છોટાઉદેપુર LCBએ કવાંટના નવલજા ગામેથી વિદેશી દારૂની મોટી હેરાફેરી ઝડપી પાડી છે. કેળાં ભરેલા કેરેટની આડમાં છુપાવીને લઈ જવાતો 11.74 લાખથી વધુનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ પોલીસે ઝડપી પાડ્યો છે. દારૂ સહિત કુલ 19.93 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખની સૂચનાથી LCB PI એમ.એફ. ડામોરના માર્ગદર્શન હેઠળ ટીમ કવાંટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મળેલી ચોક્કસ




બાતમીના આધારે નવલજા ગામના રોડ ઉપર નાકાબંધી ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન GJ-13-AX-6419 નંબરની સફેદ મહિન્દ્રા બોલેરો પીકઅપ શંકાસ્પદ હાલતમાં આવતા પોલીસે તેને કોર્ડન કરી હતી. પોલીસને જોઈ ચાલકે વાહન છોડીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે પીછો કરી તેને ઝડપી પાડ્યો હતો.

વાહનની ઝીણવટભરી તપાસ કરતા કેળાંના કેરેટની નીચે સંતાડેલો દારૂનો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. તપાસમાં કુલ 3,648 બોટલ વિદેશી દારૂ, જેની કિંમત 11,74,656 હોવાનું સામે આવ્યું છે. પોલીસે દારૂ ઉપરાંત 8 લાખની બોલેરો પીકઅપ, 10 હજારનો મોબાઈલ ફોન અને 9 હજારની કિંમતના આશરે 900 કિલો કેળાં મળી કુલ 19,93,656નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ તપાસમાં દારૂનો જથ્થો ભરી આપનાર રણજીતસીંગ જેંડેલસીંગ તોમર તથા સોનુ પઠાણના નામ સામે આવ્યા છે. બંનેને ઝડપી પાડવા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. મહત્વનું એ છે કે ઝડપાયેલ આરોપી વિપુલ રાવળદેવ વિરુદ્ધ અગાઉ પણ ધ્રાંગધ્રા સિટી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો નોંધાયેલો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

કેળાંની આડમાં દારૂની હેરાફેરી કરીને ગુજરાતમાં ઘૂસાડવાના પ્રયાસને LCBએ નાકાબંધી દરમિયાન નિષ્ફળ બનાવી દીધો છે.

# 15 દિવસમાં ખુલાસો રજૂ નહીં કરાય તો પરવાના રદ થશે

## ભરૂચ જિલ્લામાં 200 શાહુકારોને કારણદર્શક નોટિસ, હિસાબોમાં ગેરરીતિઓ સામે આવી

**ભરૂચ, રંગુની જાકીર**

ભરૂચ જિલ્લામાં શાહુકારોના ધંધામાં નિયમોના પાલનને લઈને તંત્રએ કડક કાર્યવાહી શરૂ કરી છે. શાહુકારોના નિબંધકની કચેરી દ્વારા હાથ ધરાયેલી ચકાસણી દરમિયાન નિયમોનું પાલન નહીં કરનારા 200 જેટલા શાહુકારોને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. ગુજરાત નાણાં ધીરધાર કરનારા અધિનિયમ, 2011 અને નિયમો, 2013 મુજબ લાયસન્સ ધરાવતા શાહુકારોએ દર મહિને 1થી 5 તારીખ દરમિયાન લોનની વિગતો નિયત નમૂના-11 મુજબ સરકારી ઓનલાઈન પોર્ટલ પર રજૂ કરવાની હોય છે. તપાસ દરમિયાન અનેક શાહુકારોએ સમયસર વિગતો અપલોડ નહીં કરી હોવાનું સામે આવ્યું હતું.

આ ઉપરાંત કેટલાક શાહુકારોએ નાણાકીય હિસાબોનું ઓડિટ નહીં કરાવ્યું હોવું પણ સામે આવ્યું હતું. જરૂરી હિસાબી વિગતો રજૂ નહીં કરવી જેવી બેદરકારી પણ સામે આવી હતી. આ મામલે 15 દિવસમાં ખુલાસો રજૂ કરવા જણાવાયું છે.


સંતોષકારક જવાબ નહીં મળે તો લાયસન્સ રદ કરવા સહિતની કાર્યવાહી થઈ શકે છે. ધંધામાં કોઈ વ્યવહાર ન થયો હોય તેવા શાહુકારોએ પણ સમયસર નીલ પત્રક રજૂ કરવાનું રહેશે. નિયમ મુજબ તારણવાળા ધિરાણમાં 12% અને તારણ વિનાના ધિરાણમાં 15%થી વધુ વ્યાજ વસૂલવા સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

### ટાયર નીચે માથું છૂંદાઈ જતાં ક્ષણવારમાં કરૂણ મોત

# દહેગામમાં કાળજું કંપાવી દે તેવી ગોઝારી ઘટના: ચાલુ ટ્રક નીચે યુવકે ઝંપલાવ્યું...

**ગાંધીનગર/દહેગામ**

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતેથી એક અત્યંત ધ્રુજાવી દેનારી અને અરેરાટી વ્યાપી જાય તેવી સીસીટીવી/પ્રત્યક્ષદર્શી ઘટના સામે આવી છે. દહેગામ-અમદાવાદ માર્ગ પર આવેલી આશીર્વાદ હોસ્પિટલની બિલકુલ સામે એક અજાણ્યા યુવકે કાળમુખી મોટી ટ્રકના ટાયર નીચે આત્મઘાતી દોટ મૂકીને પોતાનું જીવન ટૂંકાવી લેતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, દહેગામ-અમદાવાદ રોડ પરથી એક યુવક સામાન્ય રીતે ચાલીને




જઈ રહ્યો હતો. શાંતિથી ચાલી રહેલા આ યુવકના મનમાં શું ચાલી રહ્યું હતું તેની કોઈને કલ્પના પણ નહોતી. અચાનક લીધો આત્મઘાતી નિર્ણય: અમદાવાદ તરફથી પુરપાટ ઝડપે આવી રહેલી એક ટ્રક પસાર થઈ ગયા બાદ, તેની પાછળ આવી રહેલી બીજી મોટી ભારેખમ ટ્રક નજીક પહોંચતાં જ યુવકે અચાનક આવેગમાં આવી દોટ મૂકી હતી. ઘટનાસ્થળે જ કરૂણ મોત: ટ્રકનું ભારેખમ ટાયર માથા પરથી ફરી વળતાં યુવકનું માથું છૂંદાઈ ગયું હતું અને સેકન્ડોના છઠ્ઠા ભાગમાં જ તેનું સ્થળ પર જ દર્દનાક મોત નીપજ્યું હતું. આ કાળજું કંપાવી દેનારો અકસ્માત સર્જાતાં જ હાઈવે પરથી પસાર થતાં વાહનચાલકો અને આસપાસના સ્થાનિક રહીશોના દિલ ધબકારો ચૂકી ગયા હતા. અચાનક બનેલી આ ઘટનાથી ગભરાઈ ગયેલો ટ્રકચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા અને હાઈવે પર થોડીવાર માટે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતાં જ દહેગામ પોલીસનો કાફલો તાત્કાલિક આશીર્વાદ હોસ્પિટલ સામે ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે લોહીલુહાણ હાલતમાં પડેલા યુવકના મૃતદેહનો કબજો સંભાળીને પંચનામું કર્યું હતું. મૃતદેહને પોસ્ટમોર્ટમ (PM) અર્થે સ્થાનિક સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

# દાહોદ ઝરીબુઝર્ગના મહિલા સરપંચ નર્મદાબેન માવી હોદ્દા પરથી દૂર, વિકાસ કામોમાં ગેરરીતિ બદલ DDOની મોટી કાર્યવાહી

**દાહોદ, જાબીર શુક્લા**



ગરબાડા તાલુકાના ઝરીબુઝર્ગ ગામના મહિલા સરપંચ નર્મદાબેન કમલેશભાઈ માવી સામે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. ગ્રામજનોની રજૂઆતના આધારે ગ્રામ પંચાયતના વિકાસ કામોની તપાસ હાથ ધરવામાં આવી હતી. નાયબ જિલ્લા વિકાસ અધિકારી સહિતની તપાસ ટીમે પાંચ કામોની સ્થળ તપાસ કરી હતી. તપાસ દરમિયાન રામદેવ મંદિરની કમ્પાઉન્ડ વોલ, ગણાવા ફળિયાનો સીસી રોડ અને દિનેશભાઈ નળવાયાના નામે બોર વિથ મોટરનું કામ સ્થળ પર થયું ન હોવાનું સામે આવ્યું હતું. ભુરીયા કુવામાં સામૂહિક કૂવાનું કામ પણ તપાસ ટીમને સ્થળ પર મળી આવ્યું ન હતું. પરમાર ફળિયામાં સીસી રોડનું કામ પણ દર્શાવેલી જગ્યાએ થયું ન હોવાનું તપાસમાં નોંધાયું હતું. તપાસ અહેવાલ મુજબ આ પાંચેય કામો માટે અલગ-અલગ તબક્કે લાખો રૂપિયાનું ચુકવણું કરવામાં આવ્યું હતું. સરપંચને પોતાનો બચાવ રજૂ કરવા માટે વારંવાર સુનાવણીની તક આપવામાં આવી હતી. સરપંચ દ્વારા અગાઉ રજૂ કરાયેલા જવાબમાં કામો અન્ય સ્થળે થયાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે તપાસ અહેવાલ અને સ્થળ સ્થિતિને આધારે જિલ્લા વિકાસ અધિકારીએ ગેરરીતિ હોવાનું માની કાર્યવાહી કરી છે.

### 63 દિવસ બાદ જેલમાંથી બહાર આવતા કાર્યકરોએ સ્વાગત કર્યું

# આપના પ્રદેશ મંત્રી પિયુષ પટેલ અને સર્જન વસાવા જામીન પર

**ભરૂચ, રંગુની જાકીર**

ભરૂચ સબજેલમાં લાંબા સમયથી બંધ આમ આદમી પાર્ટીના પ્રદેશ મંત્રી પિયુષ પટેલ અને ઝઘડિયાના આગેવાન સર્જન વસાવા 63 દિવસ પછી જેલમાંથી બહાર આવ્યા છે. તેમને હાઈકોર્ટમાંથી શરતી જામીન મળ્યા હતા. જેલમાંથી બહાર આવતા જ આમ આદમી પાર્ટીના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરોએ ફૂલહાર પહેરાવી તેમનું સ્વાગત કર્યું હતું. જેલમાંથી બહાર આવ્યા બાદ પિયુષ પટેલે મીડિયા સાથે વાત કરી હતી. તેમણે દેશની ન્યાયપાલિકાનો



આભાર માન્યો અને ભાજપ સરકાર પર પ્રહાર કર્યા. પિયુષ પટેલે કહ્યું કે, 'અમે ન્યાયતંત્રનો આભાર માનીએ છીએ. ભારતીય જનતા પાર્ટીની તાનાશાહી સામે અમે ક્યારેય ઝૂકીશું નહીં.' તેમણે વધુમાં કહ્યું કે, 'GIDC વિસ્તારના શ્રમિકો અને કામદારોના હક માટે અમે જે જોશ અને જુસ્સાથી લડતા હતા, તે લડત આગળ પણ એટલા જ મજબૂત અવાજે ચાલુ રાખીશું.' પિયુષ પટેલે ધારાસભ્ય ચૈતર વસાવા, ગોપાલ ઈટાલિયા અને ઈસુદાન ગઢવી જેવા નેતાઓના સંઘર્ષમાંથી પ્રેરણા મળતી હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું કે, 'ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાને ખોટા કેસમાં ફસાવીને જેલમાં મોકલી દેવાયા છે. તેઓ હજુ પણ જેલમાં છે, જેનું અમને દુઃખ છે.'

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, 'અમને ન્યાયતંત્ર પર પૂરો ભરોસો છે કે તેઓ પણ ટૂંક સમયમાં જામીન પર બહાર આવશે અને ફરી લોકોની સેવામાં લાગી જશે.'

કાર્યકરોએ જેલ બહાર સૂત્રોચ્ચાર કર્યા અને તેમનું સ્વાગત કર્યું. આ પછી બંને આગેવાનોએ કહ્યું કે, તેઓ રાજકીય દબાણ કે જેલવાસથી ડર્યા વિના જનતા અને કામદારોના પ્રશ્નો માટે સતત લડતા રહેશે.

# કેનાલમાં 17,748 અનેનર્મદા નદીમાં 4,494 ક્યુસેક પાણી છોડાયું

**ભરૂચ, રંગુની જાકીર**

ઉપરવાસમાંથી થઈ રહેલી પાણીની સતત આવકને પગલે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી પરના સરદાર સરોવર ડેમની જળસપાટીમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ડેમની સપાટી 135.12 મીટરની સપાટીએ પહોંચી ગઈ છે. જે તેની મહત્તમ સપાટી 138.68 મીટરની ખૂબ જ નજીક છે. પાણીના સતત પ્રવાહને પગલે ડેમમાં અત્યાર સુધીમાં કુલ ક્ષમતાના 88.25 ટકા જેટલો પાણીનો લાઈવ સ્ટોરેજ જથ્થો સંગ્રહિત થઈ ચૂક્યો છે. ડેમના કંટ્રોલ રૂમના સત્તાવાર ડેટા અનુસાર, વહેલી સવારથી જ ડેમમાં પાણીની આવકઉતાર-ચઢાવ સાથે ચાલુ રહી હતી. સવારે 6:00 કલાકે 78,239 ક્યુસેક અને બપોરે 12:00 કલાકે 80,151 ક્યુસેક પાણીની આવક નોંધાયા બાદ, સાંજે સૌથી વધુ 84,762 ક્યુસેક પાણીની જંગી આવક નોંધાઈ છે. જેના કારણે ડેમની સપાટી સવારે 135.00 મીટરથી વધીને સાંજે 135.12 મીટર સુધી પહોંચી ગઈ છે. હાલમાં ડેમમાં કુલ ગ્રોસ સ્ટોરેજ 8,348.20 MCM પર પહોંચ્યો છે. સતત આવકને બેલેન્સ કરવા માટે ડેમના પાવર હાઉસ અને દરવાજાઓ થકી નદી તેમજ કેનાલમાં નિયંત્રિત રીતે પાણી છોડવામાં આવી રહ્યું છે.

### ગંગા સમગ્ર દ્વારા પ્રદૂષણ અટકાવવા માર્ગદર્શન

# સેન્ટ ઝેવીયર્સ સ્કુલમાં ચિત્ર સ્પર્ધા અને વૃક્ષા રોપણ

**અમદાવાદ**

સેન્ટ ઝેવીયર્સ સ્કુલ રામોલ ખાતે ગંગા સમગ્ર દ્વારા આજ રોજ ચિત્ર સ્પર્ધા અને વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજાયો, જેમાં વિવિધ પ્રમુખોની ઉપસ્થિતિમાં પ્રદૂષણ અટકાવવા અને પાણી જાળવણી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં ગંગા સમગ્રના આરતી આયમના રાષ્ટ્રીય પ્રમુખ શંભુનાથ પાંડે, ગુજરાત પ્રાંત સંયોજક અરુણસિંહ રાજપુત, ભારત રક્ષા મંચના પશ્ચિમ ક્ષેત્રના સંગઠન પ્રમુખ ડો. ઈલેવાન ઠાકર, ગંગા સમગ્રના મહિલા પ્રાંત પ્રભારી ક્ષમાબેન શેઠ, સહપ્રભારી ગાયત્રીબેન, તેમજ સેન્ટ ઝેવીયર્સ સ્કુલના પ્રધાન આચાર્ય ફાધર લોરેર્સ અને વહીવટી અધિકારી ફાધર જીગ્નેશ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમ દરમિયાન શંભુનાથ પાંડે દ્વારા પ્રદૂષણ અટકાવવા અને પાણી જાળવણી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમણે વિદ્યાર્થીઓને સ્વચ્છતા અને પ્રદૂષણ અંગે સતર્ક રહેવા માટે પ્રેરણા આપી. 'વિદ્યાર્થીઓએ



સ્વચ્છતાના સંકલ્પો લેવડાવ્યા,' શંભુનાથ પાંડે જણાવ્યા. ગંગા સમગ્રના ગુજરાત પ્રાંત સંયોજક અરુણસિંહ રાજપુત અને મહિલા પ્રાંત પ્રભારી ક્ષમાબેન શેઠે પણ વિદ્યાર્થીઓને પર્યાવરણ જાળવણી અને વૃક્ષારોપણ અંગે માહિતી આપી. સહપ્રભારી ગાયત્રીબેન ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રદૂષણ સામે જાગૃત રહેવા માટે પ્રોત્સાહન આપ્યું. સેન્ટ ઝેવીયર્સ સ્કુલના પ્રધાન આચાર્ય ફાધર લોરેર્સે વિદ્યાર્થીઓને પર્યાવરણ જાળવણી અને સ્વચ્છતા માટે સહકાર આપવા અપીલ કરી. વહીવટી અધિકારી ફાધર જીગ્નેશે કાર્યક્રમના આયોજન માટે ગંગા સમગ્ર અને તમામ ઉપસ્થિત મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો. વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો અને વૃક્ષારોપણમાં સહભાગી બન્યા. કાર્યક્રમ અંતે વિદ્યાર્થીઓએ પ્રદૂષણ અટકાવવા અને સ્વચ્છતા જાળવવા માટે સંકલ્પ લીધા. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાગૃતિ અને સ્વચ્છતા અંગે સંદેશ પહોંચાડવામાં આવ્યો. 'સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણી માટે દરેક વિદ્યાર્થીએ જવાબદારી નિભવવી જરૂરી છે.



### તનુશ્રી દત્તા અને ઈમરાન હાશ્મીની ઓન-સ્ક્રીન જોડી જેટલી રોમેન્ટિક હતી

# ઈમરાન હાશ્મી સાથેના કિસિંગ સીન્સ પર તનુશ્રી દત્તાએ કર્યો ખુલાસો

મુંબઈ

2005માં આવેલી ફિલ્મ "આશિક બનાયા આપને" એ તનુશ્રી દત્તા અને ઈમરાન હાશ્મીને બોલિવૂડમાં ઓળખ અપાવી. આ તનુશ્રી દત્તાની પહેલી ફિલ્મ હતી, જેમાં સોનુ સૂદ મુખ્ય ભૂમિકામાં હતા. તે સમયે, ઈમરાન હાશ્મી તેની બોલ્ડ અને રોમેન્ટિક ફિલ્મો માટે જાણીતા હતા. ફિલ્મની વાર્તાને મિશ્ર પ્રતિસાદ મળ્યો હોવા છતાં, ઈમરાન અને તનુશ્રીની જોડીને દર્શકોએ ખૂબ જ પસંદ કરી હતી. ફિલ્મના ગીતો, ખાસ કરીને ટાઇટલ ટ્રેક, ખૂબ જ હિટ સાબિત થયા હતા.

આ ફિલ્મમાં તનુશ્રી અને ઈમરાન ઘણા બોલ્ડ અને કિસિંગ સીન્સમાં જોવા મળ્યા હતા, જેના મીમ્સ હજુ પણ સોશિયલ મીડિયા પર વાયરલ થાય છે. આ ફિલ્મ પછી, તેઓએ "ગુડ બોય બેડ બોય" ફિલ્મમાં પણ સાથે કામ કર્યું હતું. કમાણીની દ્રષ્ટિએ, "આશિક બનાયા આપને" લગભગ રૂ.4.5 કરોડ (4.5 કરોડ રૂપિયા)ના બજેટમાં બનાવવામાં આવી હતી અને રૂ.9 કરોડ (9 કરોડ રૂપિયા) થી વધુ કમાણી કરી હતી. ઘણા નિષ્ણાતોએ તેને હિટ ગણાવ્યું, જ્યારે અન્ય લોકોએ તેને સારી કમાણી કરનારી ફિલ્મ ગણાવી, પરંતુ આ જોડી ચાહકોની પ્રિય બની. તનુશ્રી દત્તા અને ઈમરાન હાશ્મીની ઓન-સ્ક્રીન જોડી જેટલી રોમેન્ટિક હતી, વાસ્તવિક જીવનમાં તેમનો સંબંધ સંપૂર્ણપણે અલગ હતો. વર્ષો પછી, ફિલ્મી જ્ઞાન સાથેના એક ઈન્ટરવ્યુમાં, તનુશ્રી દત્તાએ એક એવી વાતનો ખુલાસો કર્યો જેણે બધાને આશ્ચર્યચકિત કરી દીધા. તેણીએ ખુલાસો કર્યો કે, તેણી અને ઈમરાન વચ્ચે ક્યારેય અફેર કે અંગત સંબંધ નહોતો. ભલે તેઓએ કેમેરાની સામે બોલ્ડ કિસિંગ સીન્સ આપ્યા હોય, પડદા પાછળ તેમનો સંબંધ ભાઈ અને બહેન જેવો હતો. તેઓ સેટ પર ખૂબ સારા મિત્રોની જેમ કામ કરતા હતા. તનુશ્રીએ ફિલ્મોમાં કિસીંગ સીન્સના શૂટિંગ વિશે પણ એક મહત્વપૂર્ણ ખુલાસો કર્યો. તેણીએ જણાવ્યું કે, સ્ક્રીન પર જોવા મળતા આવા દ્રશ્યો સંપૂર્ણપણે કેમેરા અને ટેકનોલોજીનું કાર્ય છે. જ્યારે આ દ્રશ્યો શૂટ કરવામાં આવે છે, ત્યારે કલાકારોનું સંપૂર્ણ ધ્યાન ખાતરી કરવા પર હોય છે કે તેમના ચહેરા કેમેરા એંગલમાં યોગ્ય રીતે પ્રતિબિંબિત થાય. લાઈટિંગ, કેમેરા અને યોગ્ય શોટ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, કલાકારો ફક્ત તેમના અભિનય પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેથી દ્રશ્ય સારું અને યોગ્ય દેખાય. તનુશ્રીએ સ્પષ્ટતા કરી કે સ્ક્રીન પર કિસીંગ સીન્સ કરવામાં કોઈ વાસ્તવિક આનંદ નથી.

**તનુશ્રીએ સ્પષ્ટતા કરી કે સ્ક્રીન પર કિસીંગ સીન્સ કરવામાં કોઇ વાસ્તવિક આનંદ નથી.**

## અભિનેત્રી મોનાલીસાએ આપ્યા બોલ્ડ પોઝ

### અભિનેત્રી 43 વર્ષની ઉંમરમાં પણ તે ખૂબ જ ફિટ એન્ડ ફાઈન છે

મુંબઈ

ભોજપુરી એક્ટ્રેસ મોનાલીસાએ ફરી એકવાર પોતાના ફેન્સને સરપ્રાઈઝ આપી છે. સાડીમાં બોલ્ડ લૂક આપીને તેણે પોતાનો અલગ અંદાજ દેખાડ્યો છે. સાડીના લૂકમાં પણ તેણે એકથી એક બહેતરિન પોઝ આપ્યા હતા. સફેદ કલરની ડોટેડ સાડી સાથે તેણે પર્પલ કલરનું બ્લાઉસ પહેર્યું હતું. આ ફોટો પર ફેન્સ દિલ ખોલીને કોમેન્ટ કરી રહ્યા છે. આ આઉટફીટમાં તેણે એકથી એક બેસ્ટ પોઝ આપતા ફોટો શૅર કર્યા છે. સાડી સાથે તેણે મેચિંગ જ્વેલરી પણ પહેરી છે. પોતાના વાળને ખુલ્લા રાખીને તેણે પોતાનો બોલ્ડ લૂક પૂરો કર્યો છે. પોતાના ઈન્સ્ટાગ્રામ પર તેણે આ તમામ ફોટો શૅર કર્યા છે. આ ફોટો કોઈ પાર્કમાં ક્લિક કર્યા હોય એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, ફોટોમાં પાછળ બગીચો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. એક ફોટોમાં તેણે પાર્કમાં લગાવેલા એક હિંચકા પાસે પોઝ આપ્યો હતો. આ ફોટો પાછળની ક્લિક કરવામાં આવ્યો હતો. જ્યારે બીજી તસવીરમાં તેણે ફ્રન્ટ ફેસ આપીને ફોટો ક્લિક કરાવ્યો છે. આ ફોટો પર ફેન્સ દિલ ખોલીને કોમેન્ટ કરી રહ્યા છે. એક યુઝરે કોમેન્ટ બોક્સમાં દિલવાળું ઈમોજી પોસ્ટ કર્યું છે. તો અન્ય એક યુઝરે ફાયરવાળું ઈમોજી પોસ્ટ કર્યું છે. એક યુઝરે કહ્યું કે, આપ ખૂબસુરતી કી રાની હો.બીજા એક યુઝરે કર્યું કે, મેમ આપ ખુબસુરત ઔર માસુમ દિખતી હો..એક યુઝરે તેની ફિટનેસના વખાણ કર્યા હતા. મોનાલીસા પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક્ટિવ રહે છે. સમયાંતરે તે જુદા જુદા ફોટો શૅર કરતી રહે છે. 43 વર્ષની ઉંમરમાં પણ તે ખૂબ જ ફિટ એન્ડ ફાઈન છે. તાજેતરમાં તે ધ-50 ફિલ્મમાં જોવા મળી હતી. જોકે પહેલીવાર નથી કે, મોનાલીસાએ આવા ફોટો મૂક્યા છે. આ પહેલા પણ તે પોતાના એકથી એક બોસ્ટ ફોટોને શૅર કરી ચૂકી છે.



## દિશાએ શેર કરી આવારાપન 2'ની અનસીન તસવીરો, લખી ઈમોશનલ પોસ્ટ

### કેટરીના કૈફ હાલમાં જ દિગ્ગજ ડાયરેક્ટર કુકૂ કોહલીના અંતિમ સંસ્કારમાં પહોંચી હતી, જ્યાં પેપ્સએ તેની તસવીરો લીધી હતી

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી દિશા પટાની (Disha Patani) પોતાની ફિલ્મ 'આવારાપન 2' ને લઈને ચર્ચામાં છે, જે 14 ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી.

આ ફિલ્મમાં દિશા પટાની ઉપરાંત ઈમરાન હાશ્મી અને શબાના આઝમી જેવા કલાકારો પણ મુખ્ય ભૂમિકામાં હતા. આજે દિશા પટાનીએ ફિલ્મના શૂટિંગ અને સેટ પરની કેટલીક અણદેખી તસવીરો તેમજ પોતાનો અનુભવ શેર કર્યો છે. દિશાએ ઈન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરતાં કેપ્શનમાં લખ્યું, "એક એવી વાર્તા દર્શકો સુધી પહોંચાડવાની આ સફરમાં આટલા શાનદાર અને પ્રેમાળ લોકો સાથે જોડાઈને ખૂબ જ સારું લાગી રહ્યું છે, જેને આપણે સૌ હંમેશા યાદ રાખીશું.

આ ટીમનો હિસ્સો બનવું ખરેખર સન્માનની વાત છે અને ફિલ્મને મળેલા આટલા અપાર પ્રેમ માટે હું અત્યંત આભારી છું. ખૂબ જ ભાગ્યશાળી અનુભવી રહી છું." તસવીરોમાં દિશા ફિલ્મમાં પોતાના પાત્ર 'ઝારા સિંહ'ના લુકમાં જોવા મળી રહી છે. કેટલીક તસવીરોમાં દિશા પોતાના કો-સ્ટાર ઈમરાન હાશ્મી સાથે નજરે પડી રહી છે, જ્યારે કેટલીક તસવીરોમાં તે ફિલ્મની આખી ટીમ સાથે પોઝ આપતી જોવા મળે છે. દિશા પહેલાં ઈમરાન હાશ્મીએ પણ ફિલ્મ અંગે પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. તેણે આ ફિલ્મને એક ઈમોશનલ એક્શન મ્યુઝિકલ ગણાવી હતી, જેમાં શાનદાર વિઝ્યુઅલ્સ અને સંગીત સાંભળવા-જોવા મળે છે. ઈમરાનનું માનવું છે કે આ ફિલ્મની ખરી મજા સિનેમાઘરમાં દર્શકો સાથે બેસીને જોવામાં જ છે. દિશા 'આવારાપન 2' પહેલાં મલ્ટીસ્ટારર કોમેડી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'માં જોવા મળી હતી. જ્યારે આગામી સમયમાં તે 'સંઘમિત્રા'માં શ્રુતિ હાસન સાથે જોવા મળશે.





## સફળ અભિનેત્રી કરીનાને છે હજું એક મોટી વાતનો અફસોસ

### પોતાનો અભ્યાસ તે પૂરો કરી શકી નથી એ માટે જ તે પોતાના દીકરા તૈમુર અને જેહના અભ્યાસને લઈને કોઈ કોંપ્રોમાઈસ કરતી નથી.

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ કરીના કપૂર હવે પોતાની નવી ફિલ્મ 'દાયરા'ને લઈ ચર્ચામાં છે. નાની-મોટી અનેક એવી સત્યઘટનાથી પ્રેરિત ફિલ્મમાં કરીના એક પોલીસ ઓફિસરનો રોલ પ્લે કરી રહી છે. હિન્દી સિનેમામાં એક અસાધારણ સફળતાના શિખર સુધી પહોંચેલી એક્ટ્રેસને પણ એક અફસોસ છે. આટલી સફળ અભિનેત્રી હજુ આ અફસોસ સાથે જીવી રહી છે. આ અફસોસ કોઈ વ્યક્તિ કે વસ્તુનો નથી પણ પોતાનો અભ્યાસ પૂરો ન કરી શકી હોવાનો છે. આજે પણ આ વાતનો અફસોસ

પોતાનો અભ્યાસ તે પૂરો કરી શકી નથી એ માટે જ તે પોતાના દીકરા તૈમુર અને જેહના અભ્યાસને લઈને કોઈ કોંપ્રોમાઈસ કરતી નથી. કરીનાએ ખુદ કહ્યું હતું કે, કોઈ પણ ક્ષેત્રમાં પહેલા અભ્યાસ પૂરો કરવો અનિવાર્ય છે.આ પછી જ વ્યક્તિઓ પોતાના દિલની વાત સાંભળવી જોઈએ. કરીનાએ ધો.11 બાદ ફિલ્મમાં આવવા માટે પોતાનો અભ્યાસ છોડી દીધો હતો.એક ખાસ મુલાકાતમાં કરીનાએ કહ્યું હતું કે, હા, મેં મારૂ એજ્યુકેશન પૂર્ણ કર્યું નથી. આ એક એવી વાત છે કે, એક એક્ટ્રેસ તરીકે સફળતા મળ્યા બાદ પણ મારી સાથે અફસોસ તરીકે રહી છે, જોકે એ સમયે મારી પાસે એક ચાન્સ હતો ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાનો. હું તો ફિલ્મોમાં આવી ગઈ અને ચાલી પણ ગઈ પણ ધો.11 પછી કોઈ અભ્યાસ કર્યો નથી.

દીકરાઓ પર શિક્ષણને લઈ પ્રેશર એજ્યુકેશનને લઈને ફેન્સ ઘણીવાર એની સામે પોતાનો મત વ્યક્ત કરી ચૂક્યા છે પણ ઈન્ડસ્ટ્રમાં પોતાના કામથી તે પોતાની જાતને સાબિત કરવા માટે અડગ હતી. કરીનાએ કહ્યું કે, મને ખ્યાલ છે કે, એજ્યુકેશનને લઈને ઘણા લોકો મારી મજાક કરી રહ્યા છે, મજાક હજુ કરી પણ શકે છે પણ એક એક્ટ્રેસ તરીકે હું મારી જાતને સાબિત કરવા માગતી હતી. હું મારા દિલની વાત સાંભળવા માગતી હતી. સ્કૂલનો અભ્યાસ પૂર ન કરવો એ આજે પણ મારા માટે એક અફસોસની વાત છે.

## 'દ્રશ્યમ 3' પહેલાં અજય દેવગણનો નવો હોરર થ્રિલર ધમાકો: નવા ડિરેક્ટર સાથે શરૂ કર્યું શૂટિંગ

મુંબઈ

બોલિવૂડના સુપરસ્ટાર અજય દેવગણ હાલમાં પોતાની નવી ફિલ્મોના આયોજનને લઈને સતત ચર્ચામાં રહે છે. પોતાની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'દ્રશ્યમ 3' ના મોટા ધમાકા અગાઉ, અજયે એક નવી હોરર થ્રિલર ફિલ્મ પર કામ શરૂ કરી દીધું છે. અભિનેતાએ પોતે સોશિયલ મીડિયા પર આંગળીના ટેરવે આ અંગેની સત્તાવાર માહિતી આપી છે. મહત્ત્વની વાત એ છે કે આ ફિલ્મ બ્લોકબસ્ટર ફિલ્મ 'શૈતાન' ની સિક્વલ એટલે કે 'શૈતાન 2' નથી, પરંતુ અજય દેવગણે આ પ્રોજેક્ટ માટે એક નવા અને પ્રતિભાશાળી દિગ્દર્શક સાથે હાથ મિલાવ્યા છે. છેલ્લા કેટલાક સમયથી અજય દેવગણની આ અનટાઈટલ્ડ હોરર થ્રિલર ફિલ્મને લઈને ફિલ્મી ગલીયારામાં અનેક અટકળો ચાલી રહી હતી. આ બધી અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતાં અજયે બુધવારે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શૂટિંગની સત્તાવાર પુષ્ટિ કરી છે. તેણે ટીમના ફોટા શેર કરતાં લખ્યું કે, "ભયનું વાતાવરણ બનવાનું છે. જુગરાજ રોહિત દ્વારા દિગ્દર્શિત અમારી અનટાઈટલ્ડ હોરર થ્રિલર ફિલ્મનું શૂટિંગ આજથી શરૂ થાય છે." શેર કરવામાં આવેલા ફોટામાં 'દ્રશ્યમ 3' ના ડિરેક્ટર અભિષેક પાઠક તેમજ અજયના ભત્રીજા અને પ્રોડ્યુસર દાનિશ દેવગણ પણ સાથે જોવા મળી રહ્યા છે. અજય દેવગણ માટે હોરર અને થ્રિલર શૈલી નવી નથી. આ અગાઉ તે 'ભૂત', 'કાલ' અને તાજેતરમાં સુપરહિટ રહેલી 'શૈતાન' જેવી ફિલ્મોમાં દર્શકોને થ્રિલનો અનુભવ કરાવી ચૂક્યો છે. દર્શકો તરફથી આ પ્રકારની ફિલ્મોને હંમેશા જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે, જેને ધ્યાનમાં રાખીને અજયે ફરી એકવાર આ ડરામણી અને રોમાંચક સફર પર નીકળવાનો નિર્ણય કર્યો છે. અજય દેવગણની આગામી ફિલ્મોના લાઈનઅપ પર નજર કરીએ તો, આ વર્ષે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવનાર 'ધમાલ 4' ની ભવ્ય સફળતા બાદ ચાહકો તેની આગામી ફિલ્મ 'દ્રશ્યમ 3' ની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.



### જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ 2026 માટે ભારતીય ક્રિકેટ ટીમે તૈયારીઓ તેજ

# ગૌતમ ગંભીર નહીં પણ લક્ષ્મણ હેડ કોચ, શ્રેયસ અય્યર કેપ્ટન

નવી દિલ્હી

જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ 2026 માટે ભારતીય ક્રિકેટ ટીમે તૈયારીઓ તેજ કરી દીધી છે. 24 સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલી મેન્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમનું નેતૃત્વ શ્રેયસ અય્યર કરશે. જોકે, ટીમના નિયમિત હેડ કોચ ગૌતમ ગંભીર ટીમ સાથે જાપાન જશે નહીં. એશિયન ગેમ્સ અને વેસ્ટ ઈન્ડિઝ સામેની ભારતની મલ્ટી-ફોર્મેટ સીરિઝની તારીખો એકબીજા સાથે ટકરાઈ રહી છે, જેના કારણે ભારતીય ક્રિકેટ ટીમે એકસાથે બે અલગ મોરચે મેદાનમાં ઉતરવું પડશે. મુખ્ય ટીમ વેસ્ટ ઈન્ડિઝ સામે રમશે, જ્યારે શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની બીજી ટીમ એશિયન



ગેમ્સમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે. વીવીએસ લક્ષ્મણને મળી હેડ કોચની જવાબદારી ગૌતમ ગંભીર (Gautam Gambhir)ની ગેરહાજરીમાં પૂર્વ બેટ્સમેન વીવીએસ લક્ષ્મણ (VVS Laxman) હેડ કોચની જવાબદારી સંભાળશે. પીટીઆઈના અહેવાલ મુજબ, લક્ષ્મણની સાથે સુનીલ જોશી, ઋષિકેશ કાનિટકર અને શુભદીપ ઘોષ સપોર્ટ સ્ટાફનો ભાગ બનશે. આ ઉપરાંત મારુફ ફજંદર સપોર્ટ સ્ટાફ લીડરની ભૂમિકા નિભાવશે. ભારતીય ટીમમાં ઘણા સ્ટાર T20 ખેલાડીઓ સામેલ હોવાથી ભારતને ગોલ્ડ મેડલનું પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યું છે. એશિયન ગેમ્સમાં એથ્લેટિક્સ બાદ ક્રિકેટ ટીમનો સપોર્ટ સ્ટાફ સૌથી મોટો હશે. સારી રેન્કિંગના કારણે ભારતીય ટીમે ગ્રુપ સ્ટેજના મુકાબલા રમવાની જરૂર નહીં પડે અને તેને સીધો જ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મળ્યો છે. ભારત અને પાકિસ્તાન ક્વાર્ટર ફાઈનલમાં આમને-સામને નહીં. શ્રેયસ અય્યર (Shreyas Iyer) બ્રિગેડ ટુર્નામેન્ટની બીજી ક્વાર્ટર ફાઈનલ રમશે, જે એશિયન ગેમ્સ 2026 માં ભારતનો પ્રથમ મેચ હશે.

## બાંગ્લાદેશી બેટરે ત્રેવડી સદી ફટકારી બનાવ્યો મહારેકોર્ડ

વોશિંગ્ટન

બાંગ્લાદેશ A ટીમના યુવા બેટ્સમેન તૌહીદ હ્રિદોયે દક્ષિણ આફ્રિકાની ધરતી પર બેટથી એવું તોફાન મચાવ્યું છે જે ક્રિકેટ ઈતિહાસમાં લાંબા સમય સુધી યાદ રખાશે. દક્ષિણ આફ્રિકા A સામે પોચેફસ્ટ્રુમ ખાતે રમાયેલી બીજી અનઓફિશિયલ ટેસ્ટ મેચમાં હ્રિદોયે અણનમ 350 રનની ઐતિહાસિક મેરાથોન ઈનિંગ રમી છે. તેણે 481 બોલનો સામનો કરીને પોતાની ઈનિંગમાં 27 ચોગ્ગા અને 10 ગગનચુંબી છગ્ગા ફટકાર્યા હતા. આ શાનદાર ઈનિંગ સાથે તે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં કોઈપણ બાંગ્લાદેશી બેટ્સમેન દ્વારા સૌથી મોટો વ્યક્તિગત સ્કોર બનાવનાર અને



વિદેશી ધરતી પર ત્રિપલ સેન્ચુરી ફટકારનાર પ્રથમ બાંગ્લાદેશી ખેલાડી બની ગયો છે. 30 ઓગસ્ટથી 2 સપ્ટેમ્બર સુધી રમાયેલી આ મેચ ડ્રોમાં પરિણમી હતી અને હ્રિદોયને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. હવે બંને ટીમો વચ્ચે 6, 9 અને 12 સપ્ટેમ્બરે ત્રણ વનડે મેચોની શ્રેણી રમાશે. હ્રિદોયે મેચના ચોથા દિવસે ટી-સેશન પછી તમીમ ઈકબાલનો ફર્સ્ટ ક્લાસ ક્રિકેટનો સૌથી મોટો સ્કોર બનાવવાનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. તમીમે વર્ષ 2020માં બાંગ્લાદેશ ક્રિકેટ લીગની એક મેચમાં અણનમ 334 રન બનાવ્યા હતા, જેને પાછળ છોડીને હ્રિદોય હવે 350 રને પહોંચી ગયો છે.

### 45 વર્ષના ધોનીની ફિટનેસ માટે પડકારરૂપ બની શકે છે

## 'હું ઈમ્પેક્ટ પ્લેયર તરીકે નહીં રમું...' IPL 2027 પહેલા જ ધોનીના નિવેદનથી CSKને ટેન્શનમાં

નવી દિલ્હી

મહેન્દ્ર સિંહ ધોનીના IPL ભવિષ્યને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે ફરી એકવાર મોટું અપડેટ સામે આવ્યું છે. ચેન્નઈ સુપર કિંગ્સના પૂર્વ બેટ્સમેન સુબ્રમણ્યમ બદ્રીનાથના જણાવ્યા પ્રમાણે ધોનીએ સ્પષ્ટ કરી દીધું છે કે, જો હું IPLમાં આગળ રમું તો ઈમ્પેક્ટ પ્લેયરની ભૂમિકા સ્વીકાર નહીં કરું. એટલે કે માહી મેદાન પર ફક્ત બેટિંગ માટે ઊતરવાને બદલે વિકેટકીપર તરીકે આખી મેચ રમવા માગે છે. વાસ્તવમાં 45 વર્ષના ધોની માટે ઈમ્પેક્ટ પ્લેયરનો વિકલ્પ ખૂબ મહત્વનો માનવામાં આવી રહ્યો હતો.



વધતી ઉંમર અને ફિટનેસ સાથે જોડાયેલા પડકારો વચ્ચે આ નિયમની મદદથી તેઓ વિકેટકીપિંગની 20 ઓવરોના બોજથી બચી શકતા હતા અને જરૂરિયાત સમયે બેટિંગ માટે મેદાન પર ઊતરી શકતા હતા. પરંતુ ધોનીનો વિચાર કંઈક અલગ છે. બદ્રીનાથે પોતાની યુટ્યુબ ચેનલ પર જણાવ્યું કે, ધોનીએ તેમને વ્યક્તિગત રીતે કહ્યું છે કે, હું ઈમ્પેક્ટ પ્લેયર તરીકે નહીં રમું. તેમનું માનવું છે કે જો હું રમું તો ફુલ-ટાઈમ વિકેટકીપરની ભૂમિકામાં જ ઊતરીશ અને આખી 20 ઓવર મેદાન પર રહીશ. બદ્રીનાથનું માનવું છે કે, હાલની સ્થિતિમાં ઈમ્પેક્ટ પ્લેયરની ભૂમિકા ધોની માટે બિલકુલ યોગ્ય સાબિત થઈ શકે છે. તેમણે કહ્યું કે ધોનીના શરીર પર લાંબા સમય સુધી મેદાનમાં રહેવાની અસર પડે છે અને કોચ સ્ટીફન ફ્લેમિંગ પણ આ વાતનો ઉલ્લેખ કરી ચૂક્યા છે. બદ્રીનાથના જણાવ્યા મુજબ, ધોની હવે સામાન્ય રીતે ઈનિંગ્સના અંતમાં બેટિંગ કરવા માટે આવે છે.

## રોહિત શર્મા નિવૃત્તિ લેવા માની ગયો હતો, એક મેસેજથી ગુસ્સે થયો હતો

### ટીમ સાથે જોડાયો, આજથી યોર્કશાયર સામે પ્રથમ મુકાબલો થશે

સિડની

ભારતીય કેપ્ટન રોહિત શર્માની નિવૃત્તિ અંગે મોટો ઘટસ્ફોટ થયો છે. પસંદગીકારોના મેસેજથી નારાજ રોહિત નિવૃત્તિ જાહેર કરવા સહમત થયા હતા, પરંતુ સદી ફટકારી જવાબ આપ્યો. BCCIના સંયુક્ત સચિવ દેવજીત સેકિયાએ લોર્ડ્સ ODI તેમની છેલ્લી મેચ નહીં હોવાનું સ્પષ્ટ કર્યું. રોહિતના ભવિષ્ય અંગે આજે ફરી સિલેક્ટર્સ અને ટીમ મેનેજમેન્ટ ચર્ચા કરશે. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્માના ક્રિકેટ ભવિષ્ય અને સંન્યાસને લઈને મોટો સનસનીખેજ ઘટસ્ફોટ સામે આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પસંદગીકારો તરફથી



મળેલા એક મેસેજને કારણે રોહિત શર્મા ખૂબ જ નારાજ થઈ ગયો હતો અને એક તબક્કે તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરવા માટે સંપૂર્ણપણે સહમત પણ થઈ ગયો હતો. જોકે, બાદમાં 'હિટમેન' તરીકે જાણીતા રોહિત શર્માએ મેદાન પર ઉતરીને શાનદાર સદી ફટકારીને પોતાના તમામ ટીકાકારો અને આલોચકોને બેટથી જડબાતોડ જવાબ આપી દીધો હતો.

રોહિત શર્માની નિવૃત્તિ અને લોર્ડ્સમાં રમાનારી વનડે મેચને લઈને મીડિયામાં ચાલી રહેલી અટકળો પર પૂર્ણવિરામ મૂકતાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સંયુક્ત સચિવ દેવજીત સેકિયાએ સામે આવીને સત્તાવાર નિવેદન આપવું પડ્યું હતું. દેવજીત સેકિયાએ પોતાના સત્તાવાર નિવેદનમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે: 'રોહિત શર્માના ભવિષ્યને લઈને મીડિયામાં અનેક પ્રકારના અંદાજા લગાવવામાં આવી રહ્યા છે. હું સંપૂર્ણ ખાતરીપૂર્વક કહેવા માંગુ છું કે રોહિત રવિવારે લોર્ડ્સમાં પોતાની છેલ્લી મેચ રમશે તેવી કોઈ જ ચર્ચા થઈ નથી. રોહિત ભારતીય ODI ટીમના નિયમિત સભ્ય છે અને જ્યાં સુધી તેઓ ટીમમાં છે, ત્યાં સુધી દેશનું પ્રતિનિધિત્વ કરતા રહેશે. બીજા શબ્દોમાં કહીએ તો, લોર્ડ્સ ODI તેમની છેલ્લી મેચ નહીં હોય. આગામી મોટી ક્રિકેટ શ્રેણીઓ, ખાસ કરીને વનડે (ODI) ફોર્મેટના આયોજનને ધ્યાનમાં રાખીને રોહિત શર્માના નામ પર આજે ફરી એકવાર સિલેક્ટર્સ અને ટીમ મેનેજમેન્ટ વચ્ચે ગહન મંથન થવાની શક્યતા છે. ભારતીય ટીમના આગામી શિડ્યુલ, ટીમનું સંતુલન, નવા ખેલાડીઓનો સમાવેશ અને વરિષ્ઠ ખેલાડીઓની દીર્ઘકાલીન ભૂમિકાને ધ્યાને રાખીને પસંદગી સમિતિ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લઈ શકે છે.



### FCNR(B) સ્કીમ થકી રૅકોર્ડ $127 અબજથી વધુનું વિદેશી ભંડોળ આવ્યું

# ડૉલર સામે રૂપિયાનું કમબેક, 47 પૈસાની મજબૂતી

મુંબઈ

ગુરુવારે ફોરેક્સ માર્કેટમાં ભારતીય રૂપિયો 47 પૈસા ઉછળી 94.26 પર પહોંચ્યો હતો. RBIની સક્રિયતા, FCNR(B) સ્કીમ થકી $127 અબજનું ભંડોળ, શેરબજારમાં વિદેશી રોકાણ અને ક્રૂડ ઓઈલમાં નરમાશ જેવા પરિબળોએ રૂપિયાને મજબૂત બનાવ્યો. આ સાથે, ભારતનું વિદેશી મુદ્રા ભંડાર $729.32 અબજની ઐતિહાસિક સપાટીએ પહોંચ્યું છે. ફોરેક્સ માર્કેટમાં ગુરુવાર, 3 સપ્ટેમ્બર 2026ના રોજ ભારતીય રૂપિયામાં શાનદાર રિકવરી જોવા મળી છે. શરૂઆતી કારોબારમાં જ યુએસ ડૉલર સામે રૂપિયો 47 પૈસાની મજબૂત છલાંગ



લગાવીને 94.26ના સ્તર પર પહોંચી ગયો હતો. ભારતીય ચલણમાં મજબૂતીનો આ સતત બીજો દિવસ છે; આ અગાઉ બુધવારે પણ રૂપિયો 22 પૈસા સુધરીને 94.73 પર બંધ થયો હતો. રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા(RBI)ની સક્રિયતા, એનઆરઆઈ ડિપોઝિટ્સ, શેરબજારમાં વિદેશી રોકાણકારોની લેવાલી અને ક્રૂડ ઓઈલમાં નરમાશ જેવા પરિબળોએ રૂપિયાની સ્થિતિ મજબૂત કરવામાં મોટો ભાગ ભજવ્યો છે. રૂપિયામાં આવેલા આ તગડા ઉછાળા પાછળનું સૌથી મોટું કારણ ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ [FCNR(B)] છે. ભારત સરકારે અને બૅંકોએ બિન-નિવાસી ભારતીયો (NRIs) થકી રૅકોર્ડ 127.23 અબજ ડૉલરનું જંગી વિદેશી ભંડોળ એકત્ર કર્યું છે. એનઆરઆઈ તરફથી મળેલો પ્રતિસાદ એટલો અસાધારણ હતો કે ભારતીય રિઝર્વ બૅંકે (RBI) આ યોજનાને નિર્ધારિત સમય કરતાં એક મહિનો વહેલી એટલે કે 31 ઑગસ્ટે જ પૂર્ણ જાહેર કરી દીધી.

### ભારતમાં 100 બિલિયન ડૉલરથી પણ વધુની રકમ આવી ચૂકી હતી

# ભારતનું ફોરેક્સ રિઝર્વ ડૉલરથી છલકાઈને રૅકોર્ડ લેવલે પહોંચ્યું

### પ્રવાસી ભારતીયો (NRI) પાસેથી ડૉલર એકત્ર કરવાની રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા(RBI)ની ખાસ પહેલ અપેક્ષા કરતાં પણ ઘણી વધુ સફળ રહી છે.

નવી દિલ્હી

રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા(RBI)ની NRI પાસેથી ડૉલર એકત્ર કરવાની FCNR(B) ડિપોઝિટ યોજના અપેક્ષા કરતાં વધુ સફળ રહી છે. 31 ઑગસ્ટ 2026 સુધીમાં, 100 બિલિયન ડૉલરથી વધુ ભારતમાં આવ્યા છે. આ ઝડપી પ્રવાહને કારણે RBI એ સ્પેશિયલ સ્વેપ ફેસિલિટીની વિન્ડો સમય પહેલા જ બંધ કરી દીધી. આનાથી ભારતનું ફોરેક્સ રિઝર્વ 729.3 બિલિયન ડૉલરના રૅકોર્ડ સ્તરે પહોંચી ગયું છે, જે રૂપિયાને મજબૂતી આપી રહ્યું છે. પ્રવાસી ભારતીયો (NRI) પાસેથી ડૉલર એકત્ર કરવાની રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા(RBI)ની ખાસ પહેલ અપેક્ષા કરતાં પણ ઘણી વધુ સફળ રહી છે. 31 ઑગસ્ટ 2026 સુધીમાં ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ(બૅંક) એટલે કે FCNR(B) ડિપોઝિટ દ્વારા ભારતમાં 100 બિલિયન



ડૉલરથી પણ વધુની રકમ આવી ચૂકી હતી. ઝડપી ઈનફ્લોને જોતાં RBIએ આ સ્કીમ માટે આપવામાં આવેલી સ્પેશિયલ સ્વેપ ફેસિલિટીની વિન્ડો નક્કી સમય કરતાં લગભગ એક મહિનો પહેલાં જ બંધ કરી દીધી. આ ફાસ્ટ ડૉલર ઈનફ્લોથી ભારતનું ફોરેક્સ રિઝર્વ પણ રૅકોર્ડ સ્તરે પહોંચી ગયું. 21 ઑગસ્ટ સુધી દેશનું વિદેશી મુદ્રા ભંડાર 729.3 બિલિયન ડૉલર હતું. આનાથી થોડા જ સપ્તાહ પહેલાં 24 જુલાઈએ તે લગભગ 682 બિલિયન ડોલર હતું. મિડલ ઈસ્ટ સંકટથી વધ્યું ડૉલરનું દબાણ RBIનું આ પગલું એવા સમયે આવ્યું, જ્યારે મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ અને ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉતાર-ચઢાવે ભારતના બહારી ખાતા અને રૂપિયા પર દબાણ વધારી દીધું હતું. રિપોર્ટ પ્રમાણે આ વર્ષે ફેબ્રુઆરીમાં અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયા બાદ ભારતના ફોરેક્સ રિઝર્વમાં લગભગ 46 બિલિયન ડૉલરનો ઘટાડો થયો હતો. આ દરમિયાન 24 જુલાઈ સુધી રિઝર્વ ઘટીને લગભગ 682 બિલિયન ડૉલર રહી ગયું હતું, જ્યારે અમેરિકી ડૉલર સામે રૂપિયો લગભગ 6% નબળો પડી ચૂક્યો હતો. આવા માહોલમાં RBIએ NRI પાસેથી વિદેશી મુદ્રા એકત્ર કરવા માટે FCNR(B) ડિપોઝિટને પ્રોત્સાહન આપવાની રણનીતિ અપનાવી.

### સોનુ-ચાંદીમાં મોટો વધારો

# સોનું ₹2,549 વધીને ₹1.54 લાખ પર પહોંચ્યું, ચાંદી ₹4,420 મોંઘી

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 3 સપ્ટેમ્બરે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 2,549 રૂપિયા વધીને 1.54 લાખ રૂપિયા થઈ ગઈ છે. આ અઠવાડિયે ત્રણ દિવસ સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. એક કિલો ચાંદીની કિંમત આજે 4,420 રૂપિયા વધીને 2.33 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. છેલ્લા એક મહિનામાં સોનું 11 હજાર અને ચાંદી 16 હજાર રૂપિયા મોંઘી થઈ ગઈ છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 21 હજાર



રૂપિયા મોંઘું થઈ ગયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.54 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.33 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયા ઓલટાઈમ હાઈ પર પહોંચ્યા હતા. ટ્રાન્સપોર્ટેશન અને સિક્યોરિટી: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેના કારણે અંતર વધવા પર ભાવ વધે છે. ખરીદીનો જથ્થો: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) ને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ ડિસ્કાઉન્ટનો લાભ મર્યાદિત રહે છે. સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે ભાવ નક્કી કરે છે.

# સેન્સેક્સ 417 પોઈન્ટ ઘટીને 76,153 પર બંધ

- **નિફ્ટી 41 પોઈન્ટ ઘટ્યો; રિયલ્ટી શેરોમાં ખરીદી, ઓટો-આઈટીમાં વેચવાલી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 3 સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 417 પોઈન્ટ ઘટીને 76,153ના સ્તરે બંધ થયો. નિફ્ટી 41 પોઈન્ટ ઘટીને 23,873 પર આવી ગયો. આજના કારોબારમાં રિયલ્ટી શેરોમાં ખરીદી અને ઓટો-આઈટીમાં વેચવાલી રહી. આ પહેલા ગઈકાલે એટલે કે 2 સપ્ટેમ્બરે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 374 પોઈન્ટના ઘટાડા સાથે 76,570 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 141 પોઈન્ટ નીચે 23,914 પર બંધ થયો




હતો. શેરબજારમાં આજે એટલે કે 3 સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 417 પોઈન્ટ ઘટીને 76,153ના સ્તરે બંધ થયો. નિફ્ટી 41 પોઈન્ટ ઘટીને 23,873 પર આવી ગયો. આજના કારોબારમાં રિયલ્ટી શેરોમાં ખરીદી અને ઓટો-આઈટીમાં વેચવાલી રહી. આ પહેલા ગઈકાલે એટલે કે 2 સપ્ટેમ્બરે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 374 પોઈન્ટના ઘટાડા સાથે 76,570 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 141 પોઈન્ટ નીચે 23,914 પર બંધ થયો હતો.

## વિસ્થાપિતોને સાથે રાખી કોર્પોરેટરની મનપા કમિશનરને રજૂઆત

# ચંડોળા તળાવ: મકાન તૂટ્યા, આવાસ ન મળ્યા







અમદાવાદ

'જો તમે મકાન ન ફાળવી શકતા હોય તો અમે ચંડોળા તળાવમાં ફરીથી રહેવા જતા રહીશું અને હાઈકોર્ટ-સુપ્રીમ કોર્ટ સુધી હું જાતે લડીશ'. આ શબ્દો છે અમદાવાદ મનપાના પૂર્વ વિપક્ષના નેતા અને દાણીલીમડા વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર શહેઝાદખાન પઠાણના.

એપ્રિલ અને મે 2026માં અમદાવાદ મનપા દ્વારા ચંડોળા તળાવ વિસ્તારમાં કાચા-પાકા મકાન સહિતના દબાણો પર બુલડોઝર ફેરવી દીધું હતું. આ સમયે ભારતીય નાગરિકોના મકાનો દૂર કરવામાં આવ્યા હતા. ત્યારે જેમની પાસે ભારતીય નાગરિકો હોવાનો પુરાવા હતા તેમને મકાનો આપવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફોર્મ પણ ભરાવવામાં આવ્યા હતા. જો કે 6 મહિનાથી વધુ સમય થઈ ગયા બાદ પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવાસ ફાળવવા માટેની કાર્યવાહી કરવામાં આવી નથી. ત્યારે મકાન ફાળવણી અથવા મકાન ન ફાળવે ત્યાં સુધી 10 હજાર ભાડું આપવાની માગ સાથે ચંડોળા તળાવના 200થી વધારે લોકોનું ટોળું આજે 3 સપ્ટેમ્બરે સવારે 11 વાગ્યાની આસપાસ સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે પહોંચ્યું હતું. જેમાં કોંગ્રેસના કોર્પોરેટર શહેઝાદખાન પઠાણની આગેવાનીમાં લોકો કચેરી નીચે બેસી રહ્યા હતા. બેનરો અને 'હાય રે કમિશનર હાય હાય'ના સૂત્રોચ્ચાર સાથે વિરોધ કર્યો હતો. એક કલાક સુધી કચેરી નીચે બેસી રહ્યા બાદ શહેઝાદખાન પઠાણ સહિત વિસ્થાપિતો મનપા કમિશનરને રજૂઆત કરવા પહોંચ્યા હતા.

વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણ ચંડોળા તળાવના વિસ્થાપિતના પરિવારની નાની દીકરીને લઈ મ્યુનિસિપલ કમિશનરને મકાન મેળવવા રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. શહેઝાદખાને રજૂઆત કરી હતી કે, જો તમે મકાનો ફાળવી ન શકતા હોય તો અમે ચંડોળા તળાવમાં રહેવા જતા રહીશું. જ્યારે તમારે મકાન ફાળવવા હોય ત્યારે ફાળવજો પણ અમે ચંડોળા તળાવમાં રહીશું. જો તમે મકાનો નહી આપો તો અમે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી જઈશું. હું જાતે આ લોકો માટે કોર્ટમાં જઈશ.

### "'મકાન નહીં મળે તો આવતા મહિને મનપા કમિશનરના ઘરે રહેવા જશું'




પૂર્વ વિપક્ષના નેતા અને દાણીલીમડા વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર શહેજાદખાન પઠાણે જણાવ્યું હતું કે, શહેરના ચંડોળા તળાવ વિસ્તારમાં દોઢ વર્ષ પહેલા બાંગ્લાદેશીઓની સાથે ભારતીય નાગરિકોના પણ મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. હાઈકોર્ટ અને સ્ટેન્ડિંગ કમિટીમાં પણ ઠરાવ કરી અને ભારતીય નાગરિકોને મકાન આપવાની વાત કરવામાં આવી હતી, પરંતુ હજી સુધી એક પણ વ્યક્તિને મકાન ફાળવવામાં આવ્યું નથી. સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે જ્યાં મ્યુનિસિપલ કમિશનર બેસતા હોય છે ત્યાં લોકો રજૂઆત કરવા માટે અને વિરોધ કરવા આવ્યા છે. જે લોકોના મકાનો તોડવામાં આવ્યા છે ત્યારે જ્યાં સુધી મકાન નહીં મળે ત્યાં સુધી 10,000 રૂપિયા દર મહિને ભાડું ચૂકવવામાં આવે જલ્દીથી જલ્દી તેમને મકાન આપવામાં આવે એવી અમારી માંગ છે.

## 'ગ્રીન અમદાવાદ મિશન'ના નામે જનતાના ટેક્સના પૈસાની લહાણી? AMCના નિર્ણયથી મોટો વિવાદ



અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ફરી એકવાર પોતાના વિવાદાસ્પદ અને શંકાસ્પદ નિર્ણયને લઈને ભારે ચર્ચામાં આવ્યું છે. પર્યાવરણ જતન અને વૃક્ષારોપણના બહાને 'ગ્રીન અમદાવાદ મિશન' અંતર્ગત 'કેચ ફાઉન્ડેશન' નામની સંસ્થાને પ્રજાના પરસેવાની કમાણી અને ટેક્સના કરોડો રૂપિયા ફાળવી દેવામાં આવ્યા હોવાનો સનસનાટીભર્યો આરોપ ઉઠ્યો છે. વિપક્ષ અને સ્થાનિક વર્તુળો દ્વારા આક્ષેપ કરાઈ રહ્યો છે કે, તંત્ર દ્વારા અંગત મળતિયાઓને સીધો આર્થિક લાભ પહોંચાડવા માટે જ આ આખી યોજના અને ફંડિંગનું ગણિત ગોઠવવામાં આવ્યું છે.

અમદાવાદીઓ પાસેથી વિવિધ વેરા પેટે કરોડો રૂપિયા વસૂલતી કોર્પોરેશન પાસે પોતાનો વિશાળ એસ્ટેટ અને ગાર્ડન વિભાગ ઉપલબ્ધ છે. આમ છતાં, વૃક્ષારોપણ અને હરિયાળી વધારવાના કામકાજ માટે 'કેચ ફાઉન્ડેશન'ને જ કેમ પસંદ કરવામાં આવ્યું? શું AMCનો પોતાનો ગાર્ડન વિભાગ સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે કે પછી ખાનગી ફાઉન્ડેશનના ઓથાર હેઠળ ટેક્સપેયર્સના પૈસા સળંગ વહેંચવાનો ખેલ ખેલાઈ રહ્યો છે? આ પ્રશ્ન હવે શહેરભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. સ્થાનિકો અને વિપક્ષી નેતાઓનો સીધો આરોપ છે કે આ મિશન માટે કયા નિયમો અને કઈ ટેન્ડર પ્રક્રિયા હેઠળ ફંડ મંજૂર કરવામાં આવ્યું તેનો કોઈ સ્પષ્ટ હિસાબ જાહેર કરવામાં આવ્યો નથી.

## રાજ્ય સરકારના સફળ પ્રયાસોથી અમદાવાદની સરકારી શાળાઓનો કાયાકલ્પ

### ખાનગી શાળાઓ છોડી 4,800થી વધુ બાળકો સરકારી શાળામાં જોડાયા!

અમદાવાદ

ગુજરાતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે એક અદ્ભુત અને ક્રાંતિકારી પરિવર્તન જોવા મળી રહ્યું છે. રાજ્ય સરકારના સતત પ્રયાસો, દીર્ઘદ્રષ્ટિ અને આધુનિક આયોજનના પરિણામે અમદાવાદ જિલ્લા સહિત સમગ્ર રાજ્યની સરકારી શાળાઓનું ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. એક સમય હતો જ્યારે વાલીઓ ખાનગી શાળાઓ તરફ દોટ મુકતા હતા, પરંતુ આજે સરકારી શાળાઓ ગુણવત્તાસભર શિક્ષણ અને આધુનિક સુવિધાઓનું નવું મોડેલ બનીને વાલીઓની પ્રથમ





પસંદગી બની રહી છે.

રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સીલન્સ' અને 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' જેવા આધુનિક પ્રકલ્પો સરકારી શિક્ષણ પ્રણાલી માટે ગેમ-ચેન્જર સાબિત થયા છે: સ્માર્ટ ક્લાસરૂમ અને ડિજિટલ લર્નિંગ: શાળાઓમાં માત્ર ચોક અને ટોકથી અલગ હટીને આધુનિક સ્માર્ટ બોર્ડ, કોમ્પ્યુટર લેબ અને ડિજિટલ લર્નિંગ ટૂલ્સ દ્વારા શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. સુસજ્જ વર્ગખંડો, રમત-ગમતના મેદાનો, વિજ્ઞાન પ્રયોગશાળાઓ અને સ્વચ્છ વાતાવરણ દ્વારા ખાનગી શાળાઓને પણ ટક્કર આપે તેવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરાયું છે. શિક્ષકોને અદ્યતન ટેકનોલોજી અને નવીનતમ શિક્ષણ પદ્ધતિઓથી સજ્જ કરવા માટે સતત તાલીમ પૂરી પાડવામાં આવી રહી છે. સરકારી શાળાઓમાં આવેલા આ ગુણવત્તાસભર પરિવર્તનનો સૌથી મોટો પુરાવો આંકડાઓ આપી રહ્યા છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન માત્ર અમદાવાદ જિલ્લામાં જ ૪,૮૧૭ જેટલા વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓ (Private Schools) છોડીને સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે.

### કરદાતાઓના 8.28 કરોડ પાણીમાં

## અમદાવાદ AMC લાવશે 2 કરોડનું 'રેલિંગ ધોવાનું મશીન'!

અમદાવાદ

સ્માર્ટ સિટી અમદાવાદના વહીવટદારો દ્વારા પ્રજાના ટેક્સના નાણાંનો કઈ રીતે ધુમાડો કરવામાં આવે છે તેનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ શહેરમાં આવેલી BRTS કોરિડોર અને રસ્તાઓ વચ્ચેની લોખંડની રેલિંગો સાફ કરવા માટે રૂ. ૮.૨૮ કરોડના ખર્ચે ૪ ટ્રક-માઉન્ટેડ રેલિંગ વોશિંગ મશીન ખરીદવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. તંત્રના આ નિર્ણયને પગલે વિપક્ષ કોંગ્રેસ તેમજ શહેરના નાગરિકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. રજૂ કરાયેલા પ્રસ્તાવ મુજબ, આશ્ચર્યજનક રીતે માત્ર એક રેલિંગ સાફ કરવાના મશીનની કિંમત અંદાજે રૂ. ૨.૦૭ કરોડ આંકવામાં આવી છે. શું છે દરખાસ્તમાં?: AMC દ્વારા ખરીદવામાં આવનારા ૪ મશીનો માટે કુલ રૂ. ૮.૨૮ કરોડનો ખર્ચ મંજૂર કરવાની તૈયારીઓ ચાલી રહી છે. ૫ વર્ષનું મેન્ટેનન્સ: વહીવટી તંત્રના દાવ્યા મુજબ, આ ૨.૦૭ કરોડની કિંમતમાં મશીનની મૂળ ખરીદી ઉપરાંત આવનારા ૫ વર્ષ સુધીના ઓપરેશન અને મેન્ટેનન્સ (O&M)નો ખર્ચ પણ આવરી લેવામાં આવ્યો છે. જે શહેરમાં અનેક વિસ્તારોમાં બિસ્માર રસ્તાઓ, પીવાના પાણીની અછત અને ડ્રેનેજ લાઈનોની સમસ્યા વકરેલી છે, ત્યાં માત્ર રેલિંગ ધોવા માટે કરોડો રૂપિયાનું આંધણ કેટલું વ્યાજબી? એવા તીખા સવાલો ઉઠી રહ્યા છે. વિપક્ષ કોંગ્રેસ અને જાગૃત નાગરિકોએ આ પ્રસ્તાવને 'કરદાતાઓના પૈસાનો ખુલ્લેઆમ વેડફાટ' ગણાવ્યો છે. સામાન્ય સફાઈ કામદારો કે સાદા સાધનોથી થઈ શકતા કામ માટે ૨-૨ કરોડના મશીનો ખરીદવાની શી જરૂરિયાત ઉભી થઈ?

### શું સુપરવાઇઝરના ઇશારે ચાલે છે અસારવા સિવિલ

## 16 કર્મચારીઓની સામૂહિક તબદીલીથી હોસ્પિટલ તંત્રમાં ભારે ખળભળાટ!!




અમદાવાદ

એશિયાની સૌથી મોટી સરકારી હોસ્પિટલોમાં સ્થાન ધરાવતી અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદના વટોળમાં ઘેરાઈ છે. દર્દીઓની સારવાર અને સુવિધાઓ માટે જાણીતી આ હોસ્પિટલમાં હવે કર્મચારીઓની ટ્રાન્સફર નીતિને લઈને અત્યંત ગંભીર સવાલો ઊભા થયા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હોસ્પિટલ તંત્રમાં અધિકારીઓ કરતા સુપરવાઇઝરોની મનમાની વધુ ચાલતી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. મળતી વિગતો અનુસાર, અસારવા સિવિલના ટ્રોમા સેન્ટરમાં બપોરે ૨ થી રાત્રે ૧૦ વાગ્યાની શિફ્ટમાં ફરજ બજાવતા ચોથા વર્ગના ૧૬ જેટલા કર્મચારીઓને તાત્કાલિક ધોરણે ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં બદલી કરી દેવામાં આવી છે. આશ્ચર્યની બાબત એ છે કે, સામે પક્ષે ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં ફરજ બજાવતા ૧૬ કર્મચારીઓને ટ્રોમા સેન્ટરમાં મોકલી દેવાયા છે. એકસાથે આટલી મોટી સંખ્યામાં કર્મચારીઓની સામૂહિક ફેરબદલી થતાં હોસ્પિટલના અંદરોઅંદરના વર્તુળોમાં અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે.

કોઈપણ મોટા વહીવટી ફેરફાર પાછળ ચોક્કસ કારણ હોય છે, પરંતુ અસારવા સિવિલમાં થયેલી આ સામૂહિક અદલાબદલી પાછળ કયું મોટું ગણિત કામ કરી રહ્યું છે તે સમજાતું નથી. શું આ ટ્રાન્સફર માત્ર સુપરવાઇઝરના અંગત ઈશારે અને અંગત રાગદ્વેષ રાખીને કરવામાં આવી છે? ૨ થી ૧૦ની મહત્ત્વની શિફ્ટમાં કામ કરતા અનુભવી કર્મચારીઓને એકસાથે હટાવી દેવા પાછળનું અસલી કારણ શું? શું આ ફેરબદલીથી ટ્રોમા સેન્ટર અને ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં આવતા ઈમરજન્સી દર્દીઓની સારવાર પર અસર નહીં પડે? ઉચ્ચ અધિકારીઓની અજાણતામાં આ ખેલ ખેલાઈ રહ્યો છે કે પછી અધિકારીઓ પણ મૌન સેવીને તમાશો જોઈ રહ્યા છે? ટ્રોમા સેન્ટર એ સિવિલ હોસ્પિટલનું સૌથી સંવેદનશીલ અને ઈમરજન્સી વિભાગ ગણાય છે, જ્યાં ક્ષણે-ક્ષણે દર્દીઓની જિંદગીનો સવાલ હોય છે. આવા અત્યંત મહત્વના વિભાગમાંથી એકસાથે ૧૬ વર્ગ-૪ના કર્મચારીઓની ફેરબદલી કરી દેવાતાં ઈમરજન્સી સેવાઓ ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

જો આ નિર્ણય માત્ર સુપરવાઇઝરની દાદાગીરી કે મનમાનીનું પરિણામ હોય, તો ઉચ્ચ તંત્રએ આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરી દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવું જરૂરી બન્યું છે.

## શેર-IPOમાં નફાની લાલચ આપી રૂ.32 લાખની સાયબર ઠગાઈ

અમદાવાદ, સમીર પટેલ

સાણંદના શેલામાં રહેતા 52 વર્ષીય શખ્સ સાથે શેર અને IPOમાં પાંચથી દસ ટકા નફો અપાવવાની લાલચ આપી 32.04 લાખની ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, ફેબ્રુઆરીમાં ડો. પીયુશ શર્મા નામના શખ્સે વોટ્સએપ પર સંપર્ક કરી શેરબજારમાં રોકાણની ટીપ્સ આપવાની વાત કરી '35-Special Training Team A' નામના ગ્રુપમાં એડ કર્યા હતા. બાદમાં જીનલ પટેલ નામની મહિલાનો સંપર્ક કરાવી ALUA CAPITAL MANAGEMENT નામની એપ ડાઉનલોડ કરાવી તેમાં ફરિયાદીનું એકાઉન્ટ ખોલાવ્યું હતું.

આરોપીઓએ શેર-IPOમાં રોકાણના બહાને અલગ-અલગ બેંક ખાતામાં ફરિયાદી, તેમના પુત્ર તથા પુત્રના મિત્રોના કુલ છ ખાતામાંથી 32,04,016 ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ એપમાં રૂ.77.84 લાખનો નફો દેખાડી રકમ ઉપાડવા વધુ 6.37 લાખ ભરવા જણાવાયું હતું. ફરિયાદીએ વધુ રકમ આપવાનો ઈનકાર કરતાં સંપર્ક બંધ કરી દેવામાં આવ્યો હતો.

સાયબર ફ્રોડની જાણ થતાં ફરિયાદીએ 1930 હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ડો. પીયુશ શર્મા અને જીનલ પટેલ સહિતના આરોપીઓ વિરુદ્ધ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદમાં કુખ્યાત બુટલેગર કિશોર લંગડાના પૌત્રની ગુંડાગીરી

### CG રોડ પર રોંગ સાઇડમાં મસ્ટાંગ દોડાવી યુવકો પર કર્યો જાનલેવા હુમલો

અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ વિસ્તાર ગણાતા સી.જી. રોડ પર કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી વધુ એક શરમજનક ઘટના સામે આવી છે. કુખ્યાત બુટલેગર કિશોર લંગડાના પૌત્ર આદિત્યસિંહ રાઠોડે પોતાની લક્ઝુરિયસ ફોર્ડ મસ્ટાંગ કારથી આતંક મચાવીને બે નિર્દોષ યુવકો પર બળજબરીપૂર્વક હુમલો કર્યો છે.

નવરંગપુરા સી.જી. રોડ પર આવેલા પ્રખ્યાત ગિરીશ કોલ્ડ્રિંક્સ પાસે આદિત્યસિંહ દિલિપસિંહ રાઠોડ અને તેનો મિત્ર વિશ્વરાજસિંહ દેવેન્દ્રસિંહ પરમાર પોતાની ફોર્ડ મસ્ટાંગ ગાડી અત્યંત ભયજનક રીતે અને રોંગ સાઇડમાં હંકારી રહ્યા હતા. આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા એક્ટિવા ચાલક જય દિનેશભાઈ રાંદેસાઈ અને તેમના મિત્રએ રોંગ સાઈડમાં કાર ચલાવવા અંગે ટકોર કરી હતી. આટલી નાની વાતમાં અહમ ઘવાતાં આદિત્યસિંહ અને તેના સાગરીતે કાયદાનો ભય નેવે મૂકી જય અને તેના મિત્ર પર હુમલો કરી દીધો હતો.

કપડાં ફાડી નાખ્યા, રસ્તા વચ્ચે ધોળા દિવસે જાનથી મારી નાખવાની ધમકી હુમલાખોરોએ જાહેર રસ્તા પર જય દિનેશભાઈ રાંદેસાઈ સાથે બર્બરતાપૂર્વક મારપીટ કરી હતી, જેમાં યુવકનો શર્ટ પણ ફાટી ગયો હતો. આટલેથી ન અટકતા, આરોપીઓએ જાહેર માર્ગ પર ગાળો ભાંડીને યુવકોને જાનથી મારી નાખવાની ખુલ્લેઆમ ધમકી આપી હતી. ઘટના બાદ પીડિત યુવકે હિંમત દાખવી નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આદિત્યસિંહ રાઠોડ અને વિશ્વરાજસિંહ પરમાર સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આદિત્યસિંહ રાઠોડ માટે ગુનાખોરી નવી નથી. તપાસમાં સામે આવ્યું છે કે આરોપી અગાઉ પણ ગંભીર ગુનાઓમાં સામેલ રહી ચૂક્યો છે: GLS કોલેજ કેમ્પસમાં દાદાગીરી અને મારપીટના કેસમાં તેનું નામ ખુલ્યું હતું. 'F' ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં પણ તેના નામે ગુના નોંધાયેલા છે. ગાંધીનગરના ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં પણ આરોપી સામે ભૂતકાળમાં ગુનાહિત ફરિયાદો દાખલ થઈ ચૂકી છે. RTO અને ટ્રાફિક વિભાગ હરકતમાં: સ્પીડ અને નિયમોના ઉલ્લંઘન અંગે કડક તપાસ

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને પોલીસે કાર પર લગાડેલી ગેરકાયદેસર બ્લેક ફિલ્મ, એચડીએફસી કે નિયમ વગરની નંબર પ્લેટ અને ભયજનક ડ્રાઈવિંગ મુદ્દે RTO તપાસનો આદેશ આપ્યો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI